પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૨૪૫ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૦-૦૬-૨૦૨૪ સોમવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સતત ત્રીજીવાર સોગંદ લીધા,બે પૂર્વ મુખ્યમંત્રીઓને પણ કેબિનેટમાં સામેલ કરવામાં આવ્યાં



નવીદિલ્હી,

નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન તરીકે સોગંદ લીધા હતાં તેમણે હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં.તેમણે ત્રીજીવાર વડાપ્રધાન તરીકેના સોગંદ લીધા હતાં. ત્યારબાદ કેબિનેટ મંત્રી તરીકે રાજનાથ સિંહે સોગંદ લીધા હતાં તેમણે હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં મોદી ૨.૦માં રક્ષા મંત્રી રહ્યાં હતાં.ત્યારબાદ અમીત શાહે સોગંદ લીધા હતાં તેમણે ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં ત્યારબાદ નીતિન ગડકરીએ સોગંદ લીધા હતાં તેમણે હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં ગડકરી મોદી ૨.૦ માં સડક મંત્રી રહ્યાં હતાં ત્યારબાદ જે પી નડાએ સોગંદ હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં મોદી ૧.૦માં આરોગ્યમંત્રી હતા હાલમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ છે. રાજયસભાના સભ્ય છે. ત્યારબાદ શિવરાજ સિંહ ચૌહાણે હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતા પહેલીવાર કેન્દ્રમાં મંત્રી બન્યા છે. ત્યારબાદ શ્રીમતિ નિર્મલા સીતારમણે સોગંદ લીધા હતાં તેમણે અંગ્રેજીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં મોદી ૨.૦માં નાણાંમંત્રી રહ્યાં હતાં ડો.સુબ્રમણ્યમ શંકર રાજયસભાના સભ્ય છે. મોદી ૨.૦માં વિદેશમંત્રી રહ્યાં હતાં તેમણે અંગ્રેજીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં ત્યારબાદ મનોહર લાલ ખટ્ટરે હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં. હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી છે. ત્યારબાદ એચ ડી કુમાર સ્વામીએ ઈશ્વરના નામે અંગ્રેજીમાં સોગંદ લીધા હતાં તેઓ કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી છે. પીયૂષ ગોયલે હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં મોદી ૨.૦માં વાણિજ્યમંત્રી રહ્યાં છે ધર્મેન્દ્ર પ્રધાને હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં મોદી ૧.૦ પેટ્રોલિયમ મંત્રી અને મોદી ૨.૦ શિક્ષા મંત્રી રહ્યાં હતાં. ત્યારબાદ જીતનરામ માંઝીએ હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં બિહારના પૂર્વ મુખ્યમંત્રી રહ્યાં છે. હમ પાર્ટીના એક માત્ર સાંસદ હોવા છતાં કેબિનેટ મંત્રી બન્યા છે.લલન સિંહે હિન્દીમાં સત્ય નિષ્ઠાના નામે સોગંદ લીધા હતાં પ્રથમવાર મંત્રી બન્યા છે.જદયુના પૂર્વ અધ્યક્ષ રહ્યાં છે.બિહારના મુખ્યમંત્રી નીતીશકુમારના નજીકના માનવામાં આવે છે. સર્વાનંદ સોનુવાલે સોગંદ લીધા હતાં અંગ્રેજીમાં ઈશ્વના નામે સોગંદ લીધા હતો મોદી ૧.૦બદરગાહ પોર્ટ અને શિપિંગમંત્રી રહ્યાં છે તેઓ આસમના પૂર્વ મુખ્યમંત્રી છે.ત્યારબાદ ડો.વિરેન્દ્રકુમારે ઈશ્વરના નામે હિન્દીમાં સોગંદ લીધા હતાં મોદી સરકારમાં નવો ચહેરો છે.એમરીની ટીકમગઢથી સાંસદ બન્યા છે.ત્યારબાદ રામ મોહન નાયડુ સૌથી યુવા કેબિનેટ મંત્રી બન્યા છે તેમણે અંગ્રેજીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં ટીડીપીના નેતા છે. યેરેન નાયડુના પુત્ર છે .ત્યારબાદ પ્રહલાદ જોશીએ અંગ્રેજીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં મોદી ૨.૦સંસદીય કાર્ય મંત્રી રહ્યાં હતાં ૨૦૦૪થી સતત સાંસદ બન્યા છે.ત્યારબાદ જુએલ ઉરાંવે હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં મોદી ૧.૦ આદિવાસી મંત્રી રહ્યાં હતાં બાજપાઈ સરકારમાં પણ મંત્રી રહી ચુકયા છે.ગિરિરાજ સિંહે હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં મોદી ૨.૦ ગ્રામિણ વિકાસ મંત્રી રહ્યાં છે. કટ્ટરવાદી હિન્દુ તરીકે તેઓ જાણિતા છે. ત્યારબાદ અશ્વિની વૈષ્ણવે હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં મોદી ૨.૦ રેલ અને સંચાર મંત્રી રહ્યાં છે.જ્યોતિરાદિત્ય સિંધિયાએ હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં મોદી ૨.૦ વિમાન અને સ્ટીલ મંત્રી રહ્યાં છે ત્યારબાદ ભૂપેન્દ્ર યાદવે ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં મોદી ૨.૦ શ્રમ રોજગાર મંત્રી રહ્યાં હતાં. ૧૨ વર્ષ સુધી રાજયસભાના સભ્ય રહ્યાં છે.ગજેન્દ્ર સિંહ શેખાવતે હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં મોદી ૨.૦જળશક્તિ મંત્રી રહ્યાં છે.ત્યારબાદ અન્નપૂર્ણા જેવી યાદવે હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં ત્યારબાદ કિરેન રિજિજુએ હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં ત્યારબાદ હરદિપ સિંહ પુરીએ અંગ્રેજીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં મોદી ૨.૦ પેટ્રોલિયમ મંત્રી રહ્યાં છે ત્યારબાદ મનસુખ માંડવિયાએ હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં. મોદી ૨.૦માં આરોગ્યમંત્રી રહ્યાં છે. ત્યારબાદ કિશન રેડ્ડીએ ઈશ્વરના નામે હિન્દીમાં સોગંદ લીધા હતાં મોદી ૨.૦ પર્યટન મંત્રી રહ્યાં છે. ત્યારબાદ ચિરાગ પાસવાને હિન્દીમાં સોગંદ લીધા હતાં મોદી સરકારમાં ૩૦ કેબિનેટ, ૫ (સ્વતંત્ર પ્રભાર) સોગંદ લીધા હતાં કુલ ૭૨મંત્રીઓએ સોગંદ લીધા તેમાં ૨૭ મંત્રી પછાત ૧૦ દલિત પાંચ આદિવાસી છે.વર્તમાન અને પૂર્વ મંત્રીઓને કેબિનેટમાં સ્થાન મળ્યુ નથી તેમાં નારાયણ રાણે (ચૂંટણી જીત્યા પણ સ્થાન નથી),અનુરાગ ઠાકુર (ચૂંટણી જીત્યા પણ સ્થાન નથી),પરશોત્તમ રૂપાલા (ચૂંટણી જીત્યા પણ જગ્યા નથી),અર્જુન મુંડા (ચૂંટણી હારી ગયા),સ્મૃતિ ઈરાની (ચૂંટણી હાર્યા),આરકે સિંહ (ચૂંટણી હારી ગયા),મહેન્દ્ર નાથ પાંડે (ચૂંટણી હાર્યા) આ ઉપરાંત રાજ્ય કક્ષા પ્રધાનોમાં અશ્વિની કુમાર ચૌબે (ચૂંટણી લડી ન હતી),વીકે સિંહ (ચૂંટણી લડી ન હતી),સાધ્વી નિરંજન જ્યોતિ (ચૂંટણી હાર્યા),સંજીવ બાલિયાન (ચૂંટણી હાર્યા),રાજીવ ચંદ્રશેખર (ચૂંટણી હારી ગયા),દર્શના જરદોશ (ટિકિટ મળી નહોતી),વી મુરલીધરન (ચૂંટણી હાર્યા),મીનાક્ષી લેખી (ટિકિટ મળી નહોતી) દેવુસિંહ ચૌહાણ (ચૂંટણી જીત્યા પણ સ્થાન નથી) સામેલ કરવામાં આવ્યા નથી

## દુષ્કર્મની ફરિયાદ બાદ જગતપાવન સ્વામી વિરૂદ્ધ પોક્સો હેઠળ નોંધાયો ગુનો, લુકઆઉટ નોટિસ જાહેર



વડોદરા,

વડોદરામાં વડતાલનાં સ્વામી સામે દુષ્કર્મ કેસને લઈ પોલીસ દ્વારા સ્વામી વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. તેમજ આરોપી વિદેશ ભાગી જાય તે પહેલા તેની શોધખોળ હાથ ધરી છે.

વડોદરામાં વડતાલનાં સ્વામી સામે દુષ્કર્મની ફરિયાદ મામલે પોલીસ દ્વારા જગતપાવન સ્વામી વિરૂદ્ધ પોક્સો હેઠળ ગુનો નોંધ્યો છે. તેમજ જગતપાવન સ્વામી ૨ વર્ષ પૂર્વ વડોદરા છોડી વડતાલ જતા રહ્યા હતા. ત્યારે પોલીસે ફરાર આરોપી જગતપાવન સ્વામીની શોધખોળ હાથ ધરી છે. તેમજ આરોપી વિદેશ ભાગી જવાની શક્યતા હોઈ લુકઆઉટ નોટીસ પણ જારી કરવામાં આવી છે.

વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના ૩ સ્વામી સામે દુષ્કર્મની ફરિયાદ કરવામાં આવી છે. પીડિત સગીર અવસ્થામાં હતી ત્યારે તેની સાથે સ્વામીએ દુષ્કર્મ આચર્યું હતું. વડતાલના સ્વામિનારાયણના કોઠારી સ્વામી તરીકે ફરજ બજાવતા જગત પવન સ્વામી સામે યુવતીએ આક્ષેપ કર્યા છે. ૨૦૧૬માં ૧૪ વર્ષની સગીર સ્વામિનારાયણ મંદિર ખાતે રહેવા ગઈ હતી. જગતપવન સ્વામી સગીરીના પિતાને જાણતા હતા. વિદેશમાં ગયા ત્યારે સગીર માટે જગતપાવન સ્વામી ગિફ્ટ લાવવાની વાતો કરતા હોવાનું ફરિયાદમાં પીડીતે જણાવ્યું છે.પીડિત સાથે ફોન પર અભદ્ર વાતો કર્યાનું પણ ફરિયાદમાં જણાવ્યું છે. આ મામલે એચ પી સ્વામી, કેપી સ્વામીએ મદદ કરી હોવાનું પણ યુવતીએ કહ્યું છે. ત્યારે પીડીતાની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. દુષ્કર્મની ફરિયાદ નોંધાતા વડતાલ તાબાના સ્વામિનારાયણ સત્સંગીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.

## ચૂંટણી જીત્યા બાદ રાહુલ ગાંધી મંગળવારે રાયબરેલી જશે, વાયનાડ પણ જશે

નવીદિલ્હી,

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આ વખતે લોકસભા ચૂંટણીમાં બે બેઠકો જીતી છે. પ્રથમ બેઠક કેરળની વાયનાડ અને બીજી ઉત્તર પ્રદેશની રાયબરેલી છે. આ બંને બેઠકો પરથી ચૂંટણી જીત્યા બાદ રાહુલ ગાંધી પહેલીવાર વાયનાડ અને રાયબરેલીની મુલાકાતે જવાના છે. રાહુલ ગાંધી મંગળવારે (૧૧ જૂન) તેમની માતા સોનિયા ગાંધી અને બહેન પ્રિયંકા ગાંધી વાડ્રા સાથે રાયબરેલીની મુલાકાત લેશે. ચૂંટણી જીત્યા બાદ રાહુલ ગાંધી પહેલીવાર પરિવાર સાથે રાયબરેલી જવાના છે. આવી સ્થિતિમાં રાયબરેલીમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો હાજર રહેશે. રાહુલ ગાંધી રાયબરેલીથી સાંસદ તરીકે ચૂંટાયા તે પહેલા સોનિયા ગાંધી આ બેઠકનું પ્રતિનિધિત્વ કરતા હતા.

રાયબરેલી બાદ રાહુલ ગાંધી બુધવારે (૧૨ જૂન) કેરળના વાયનાડ જશે. રાહુલ ગાંધી ૨૦૧૯ની ચૂંટણીમાં કેરળની વાયનાડ બેઠક પરથી સાંસદ પણ ચૂંટાયા હતા. આ વખતે પણ વાયનાડની જનતાએ કોંગ્રેસના નેતાને જંગી મતથી જીતાડ્યા છે. આવી સ્થિતિમાં એ ચર્ચાએ પણ જોર પકડ્યું છે કે રાહુલ ગાંધી વાયનાડ અને રાયબરેલી વચ્ચે કઈ સીટ પોતાના માટે રાખશે?

કાયદા અને બંધારણની જોગવાઈઓ મુજબ રાહુલ ગાંધીએ તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં જીતેલી બેમાંથી એક બેઠક પરથી રાજીનામું આપવું પડશે. લોકસભાના ભૂતપૂર્વ મહાસચિવ અને બંધારણીય નિષ્ણાત પીડીટી આચારીએ જણાવ્યું હતું કે બે બેઠકો પરથી જીતેલા કોઈપણ ઉમેદવારે ચૂંટણી પરિણામોના ૧૪ દિવસની અંદર એક બેઠક ખાલી કરવી પડશે.

તમને જણાવી દઈએ કે નવી લોકસભામાં કોંગ્રેસના સાંસદોની સંખ્યા ૯૯ છે. આવી સ્થિતિમાં એક સીટ છોડ્યા બાદ રાયબરેલી અથવા વાયનાડ સીટ પર પેટાચૂંટણી યોજાશે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીએ ખૂબ જ સારું પ્રદર્શન કર્યું હતું. ૨૦૧૯ની ચૂંટણીમાં કોંગ્રેસને ૫૨ બેઠકો મળી હતી. તે જ સમયે, ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં, કોંગ્રેસ માત્ર ૪૪ બેઠકો સુધી મર્યાદિત હતી.


## કાશ્મીરના ઉકેલ માટે કોઈ એકપક્ષીય કાર્યવાહી ન થવી જોઈએ, ચીન-પાકિસ્તાને સંયુક્ત નિવેદન જાહેર કર્યું

બેઈજિંગ,

ચીન અને પાકિસ્તાને દક્ષિણ એશિયા, ખાસ કરીને કાશ્મીરના તમામ પેન્ડિંગ મુદ્દાઓને ઉકેલવા માટે કોઈપણ એકપક્ષીય કાર્યવાહીનો વિરોધ કર્યો હતો. ચીની પક્ષે પુનરોચ્ચાર કર્યો કે જમ્મુ અને કાશ્મીર વિવાદનો ઉકેલ યુએન ચાર્ટર, સંબંધિત યુએન સુરક્ષા પરિષદના ઠરાવો અને દ્વિપક્ષીય કરારો અનુસાર ન્યાયી અને શાંતિપૂર્ણ રીતે થવો જોઈએ. તમને જણાવી દઈએ કે, પાકિસ્તાનના વડાપ્રધાન આ દિવસોમાં ચીનના પ્રવાસે છે.બે દિવસ પહેલા પાકિસ્તાનના વડાપ્રધાન કાર્યાલયે એક નિવેદન બહાર પાડ્યું હતું. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાનના વડા પ્રધાન શહેબાઝ શરીફે ચીનના વડા પ્રધાન લી-કિયાંગ સાથે મુલાકાત કરી હતી. તેઓએ સીપીઈસીના મહત્વના સ્તંભ તરીકે ગ્વાદરના મહત્વ અંગે ચર્ચા કરી. તેઓ ગ્વાદર, બલૂચિસ્તાનને પ્રાદેશિક આર્થિક હબમાં પરિવર્તિત કરવા માટે સંબંધિત તમામ માળખાકીય પ્રોજેક્ટને સમયસર પૂર્ણ કરવા માટે સંમત થયા હતા. નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે બંને નેતાઓ સીપીઈસીને તેના વિરોધીઓથી બચાવવા માટે પણ સંમત થયા હતા. તેઓએ એકબીજા પ્રત્યે મજબૂત પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. વધુમાં, વડા પ્રધાન ક્વિઆંગે વડા પ્રધાન શરીફને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના અસ્થાયી સભ્ય તરીકે પાકિસ્તાનની ચૂંટણી પર અભિનંદન આપ્યા હતા.

સીપીઈસી પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં આવેલા ગ્વાદર બંદરને ચીનના શિનજિયાંગ પ્રાંત સાથે જોડે છે. ભારત તેનો વિરોધ કરી રહ્યું છે કારણ કે તે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર દ્વારા બનાવવામાં આવી રહ્યું છે. સીપીઈસી અંગે, જયશંકરે એક વખત કહ્યું હતું કે મને લાગે છે કે કહેવાતા ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર પર એસસીઓની બેઠકમાં તે ખૂબ જ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે કનેક્ટિવિટી પ્રગતિ માટે સારી છે, પરંતુ કનેક્ટિવિટી કોઈપણ દેશ માટે સારી નથી ભારતની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું ઉલ્લંઘન કરે છે.શરીફ તેમની ચાર દિવસીય મુલાકાતે ચીન ગયા છે. શરીફે ચીનના રોકાણ અને સહયોગ વધારવા પર ભાર મૂકીને તેમની ચાર દિવસીય મુલાકાતનું સમાપન કર્યું. પાકિસ્તાન હાલમાં ગંભીર આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. આવી સ્થિતિમાં પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે ચીનના નેતૃત્વને કાશ્મીરની સ્થિતિ વિશે જાણકારી આપી હતી. આ દરમિયાન તેમણે બંને સેનાઓ વચ્ચેના પરસ્પર સંબંધોને વધુ મજબૂત કરવા માટે વિસ્તૃત ચર્ચા કરી હતી. મુલાકાતને સમાપ્ત કરતા સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બંને પક્ષો દક્ષિણ એશિયામાં શાંતિ અને સ્થિરતા જાળવવાના મહત્વને સમજે છે. તેથી, તમામ પડતર વિવાદો, ખાસ કરીને કાશ્મીરના ઉકેલની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, કોઈપણ એકપક્ષીય કાર્યવાહી ટાળવી જોઈએ. આ દરમિયાન પાકિસ્તાની પક્ષે ચીનના પક્ષને જમ્મુ અને કાશ્મીરની સ્થિતિની તાજેતરની ઘટનાઓ વિશે માહિતી આપી હતી.

## મોડી રાત્રે ભૂકંપના આંચકાથી રાજસ્થાન હચમચી ગયું, કોઈ જાન-માલનું નુકસાન નથી



જયપુર,

રાજસ્થાનમાં ગઈકાલે રાત્રે ૧૧.૪૭ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર સીકર જિલ્લામાં હર્ષ હોવાનું જાણવા મળ્યું છે. તેની ઊંડાઈ સપાટીથી ૫ કિમી હતી. હાલમાં ભૂકંપના કારણે કોઈ જાન-માલના નુકસાનની કોઈ માહિતી નથી.નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના જણાવ્યા અનુસાર રાજસ્થાનમાં શનિવારે મોડી રાત્રે આવેલા ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૨ માપવામાં આવી હતી. ભૂકંપના કારણે સીકર જિલ્લાના ઘણા વિસ્તારોમાં તેમજ ડિદવાના, ચુરુ, નાગૌર જિલ્લાઓમાં જોરદાર આંચકા અનુભવાયા હતા. ભૂકંપની અસર ડીડવાના, કુચામન, લદનુન, મકરાના, સાલાસર, સીકર અને ખાટુશ્યામજીમાં પણ અનુભવાઈ હતી. આ ઉપરાંત રીંગા નગર, ધોડ અને જીનમાતા મંદિરમાં પણ તેની અસર જોવા મળી હતી.

## વિદેશી કંપનીઓને ફાયદો થયો. સંયુક્ત સંસદીય સમિતિ દ્વારા આની તપાસ થવી જોઈએ

### અગ્નિવીર યોજનાને લઈને યુવાનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કેન્દ્ર સરકારે આ અંગે વિચારવું જોઈએ.

સીપીઆઈ(એમએલ)ના રાષ્ટ્રીય મહાસચિવ દીપાંકર ભટ્ટાચાર્યએ દ્રઢ્છ પર પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે એક્ઝિટ પોલની આડમાં ૩૦ લાખ કરોડ રૂપિયાનું મોટું કૌભાંડ સામે આવ્યું છે. ચૂંટણી પરિણામો બાદ શેરબજારમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. જેના કારણે નાની કંપનીઓને ભારે નુકસાન થયું અને વિદેશી કંપનીઓને ફાયદો થયો. સંયુક્ત સંસદીય સમિતિ દ્વારા આની તપાસ થવી જોઈએ. તેમણે મોદી અને શાહ પર આરોપ લગાવ્યો કે ચૂંટણી સમયે વડાપ્રધાન અને ગૃહમંત્રી શેર ખરીદવાની વાત કરતા હતા. આ પછી લોકો શેર ખરીદવા લાગે છે. ૪ જૂને પરિણામ આવ્યા ત્યારે લોકોએ ભારે હાલાકી ભોગવવી પડી હતી. તેમણે એમ પણ કહ્યું કે કેન્દ્રએ અગ્નિવીર ભરતી યોજનાને તાત્કાલિક પાછી ખેંચવાની માંગ કરી છે. આજે પણ અગ્નિવીર યોજનાને લઈને યુવાનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કેન્દ્ર સરકારે આ અંગે વિચારવું જોઈએ.

તેમણે કહ્યું કે કેન્દ્રએ રાજ્યના સર્વાંગી વિકાસ માટે જાતિ ગણતરી કરવા અને બિહારને વિશેષ શ્રેણીનો દરજ્જો આપવાની ભારત જૂથની માંગ પર વિચાર કરવો જોઈએ. સીએમ નીતીશ કુમારને લઈને જે કંઈ થયું તે ખૂબ જ દુઃખદ છે. નીતીશ કુમારે નરેન્દ્ર મોદી પાસેથી જાતિ ગણતરી, બિહારને વિશેષ દરજ્જો જેવી ગેરંટી લેવી જોઈએ. બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની પાર્ટીની માગણી અંગે સ્પષ્ટતા કરતા ભટ્ટાચાર્યએ કહ્યું કે કેન્દ્રની એનડીએ સરકારે બિહારને વિશેષ રાજયનો દરજ્જો આપવો જોઈએ. અમે આશા રાખીએ છીએ કે એનડીએ ગઠબંધનમાં સામેલ મુખ્યમંત્રી નીતિશ કુમાર આના પર દબાણ લાવશે. બિહારને વિશેષ દરજ્જો આપવાથી રાજ્યનો ઝડપી વિકાસ થશે, વધુ રોજગારી પેદા થશે અને રાજ્યમાં રોકાણને પણ આમંત્રિત કરવામાં આવશે.

એમએલના રાષ્ટ્રીય મહાસચિવ દિપાંકર ભટ્ટાચાર્યએ કહ્યું કે આ લોકસભા ચૂંટણીમાં આપણે ત્રણ સીટો પર ચૂંટણી લડવી જોઈએ. તેમાંથી બે બેઠકો જીતી. નાલંદામાં સખત સ્પર્ધા આપી. સંદીપ સૌરભ બીજા સ્થાને રહ્યો. પરંતુ બિહારમાં અમને અપેક્ષા મુજબના પરિણામો મળ્યા નથી. અમને લાગતું હતું કે ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં જે પરિણામ જોવા મળ્યું હતું તે જ પરિણામ આવશે. આવું ન થઈ શક્યું. સામાન્ય રીતે, ભારતીય ગઠબંધનને ૨૦ બેઠકો મળવાની ધારણા હતી. જો પૂર્ણિયા બેઠક ઉમેરીએ તો ભારત ગઠબંધનને દસ બેઠકો મળી. અમે તેની સમીક્ષા કરીશું. પરંતુ, જે આદેશ આવ્યો છે તે મોદી સરકાર વિરુદ્ધ છે. ખાસ કરીને પરિણામ ૨૦૧૯ની ચૂંટણી કરતાં ઘણું સારું છે. જેમણે કહ્યું કે બિહારમાં ૪૦ અને દેશમાં ૪૦૦ છે, તેમને યોગ્ય જવાબ મળ્યો.ઉત્તર પ્રદેશ જે મોદી, શાહ અને યોગીનો ગઢ છે. ચૂંટણી પરિણામો આવ્યા બાદ ત્યાંના લોકોએ સંદેશો આપ્યો કે મોદી સરકારને સત્તા પરથી હટાવી દેવી જોઈએ.

## આપે હરિયાણાના સીએમને પત્ર લખ્યો, પાણીની માત્રા નહીં વધારવામાં આવે તો જળ સંકટ વધુ ઘેરી બનશે

નવીદિલ્હી,

દિલ્હીમાં જળ સંકટને લઈને જળ મંત્રી આતિશીએ હરિયાણાના સીએમને પત્ર લખ્યો છે. તેમણે સીએમ પાસે દિલ્હીમાં વધારાનું પાણી છોડવાની માંગ કરી છે.આપ મંત્રીએ કહ્યું કે દિલ્હીમાં સાત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ મુનાકના પાણી પર નિર્ભર છે. જો આજે પાણીનો જથ્થો નહીં વધે તો આગામી દિવસોમાં દિલ્હીમાં જળ સંકટ વધુ ઘેરી બનશે.

આ પહેલા જળ મંત્રી આતિશી મુનક કેનાલની બે સબ કેનાલની મુલાકાત લેવા બવાના પહોંચ્યા હતા. અહીં નિરીક્ષણ દરમિયાન, જળ પ્રધાન આતિશીએ જોયું કે હરિયાણા છેલ્લા સાત દિવસથી સતત પાણીનો ઓછો જથ્થો મોકલી રહ્યું છે. દિલ્હીને મુનક કેનાલમાંથી ૧૦૫૦ ક્યુસેક પાણી મળતું હતું, પરંતુ હવે તે ઘટીને ૮૪૦ ક્યુસેક થઈ ગયું છે.

નિરીક્ષણ બાદ પત્રકાર પરિષદમાં આતિશીએ જણાવ્યું હતું કે મુનક કેનાલમાંથી માત્ર ૮૪૦ ક્યુસેક પાણી મળી રહ્યું છે જ્યારે ૧૦૫૦ ક્યુસેક પાણી મળવું જોઈએ. જો દિલ્હીને મુનાક કેનાલમાંથી તેના હિસ્સા કરતાં ઓછું પાણી મળે છે, તો તેની અસર દિલ્હીના સાતેય વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટને થશે. જો આમ થશે તો આગામી દિવસોમાં શહેરમાં પાણીની સમસ્યા વધુ ગંભીર બનશે. તેમણે કહ્યું કે, હરિયાણા સરકારે કાળઝાળ ગરમીમાં દિલ્હીના લોકોને પરેશાન કરવાની રાજનીતિ કરવાનું બંધ કરવું જોઈએ અને દિલ્હીને તેના હિસ્સાનું પાણી આપવું જોઈએ. ઘરેલું વપરાશ માટેના પાણી માટે દિલ્હી સંપૂર્ણપણે યમુના પર નિર્ભર છે. દિલ્હીના સાત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી દિલ્હીના ઘરોમાં પાણી પહોંચે છે. આ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં પાણી વજીરાબાદ બેરેજ અને મુનાક કેનાલની બે સબ કેનાલો, સીએલસી અને ડીએસબીમાંથી આવે છે. આ બે પેટા કેનાલોમાંથી દિલ્હીના સાતેય વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં પાણી જાય છે.

આતિશીએ કહ્યું કે હરિયાણા અને દિલ્હી વચ્ચે થયેલા કરાર મુજબ હરિયાણાએ મુનાક કેનાલ દ્વારા દિલ્હીને દરરોજ ૧૦૫૦ ક્યુસેક પાણી છોડવાનું છે અને છેલ્લા ૫ વર્ષના ડેટા મુજબ ઉનાળાની ઋતુમાં ગરમીને કારણે ૧૦૪૦ થી ૯૯૦ ક્યુસેક પાણી છોડવામાં આવે છે. જે દિલ્હીના બવાના સંપર્ક બિંદુ પર ફ્લો મીટર દ્વારા માપવામાં આવે છે.

## મુંબઈ પોલીસ પર પથ્થરમારો કરનારા ૨૦૦ લોકો સામે કેસ નોંધાયો, ૫૭ની અટકાયત



મુંબઈ,

મુંબઈના પવઈ વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની અતિક્રમણ વિરોધી ઝુંબેશ દરમિયાન બે દિવસ પહેલા પથ્થરમારાની ઘટનાના સંબંધમાં ૨૦૦ થી વધુ લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે અને ૫૭ લોકોની અટકાયત કરવામાં આવી છે. એક અધિકારીએ આ માહિતી આપી. ગુરુવારે જય ભીમ નગર ઝૂંપડપટ્ટીમાં બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની અતિક્રમણ વિરોધી ઝુંબેશ દરમિયાન પથ્થરમારામાં ઓછામાં ઓછા ૧૫ પોલીસકર્મીઓ, કોર્પોરેશનના પાંચ એન્જિનિયરો અને મજૂરો ઘાયલ થયા હતા.અધિકારીએ કહ્યું, "પોલીસ અને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ પર પથ્થરમારો કરવા બદલ ૨૦૦ લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે અને તેમાંથી ૫૭ની અટકાયત કરવામાં આવી છે," અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું. આ બધા પર સરકારી કર્મચારીઓને તેમની ફરજો નિભાવવામાં અવરોધ કરવાનો અને હુલ્લડ કરવાનો આરોપ છે. કોર્પોરેશને અગાઉ કહ્યું હતું કે પાવઈગાંવ અને મૌજે આર્ચર ગામમાં એક પ્લોટ પર કામચલાઉ ઝૂંપડીઓ બાંધવામાં આવી હતી અને રાજ્ય માનવ અધિકાર પંચે નાગરિક સંસ્થાને નોટિસ પાઠવી હતી. આ બાબતે કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.એક અધિકારીના જણાવ્યા મુજબ, મ્યુનિસિપલ કોર્પોરેશનની અતિક્રમણ વિરોધી ટીમ સુરક્ષા માટે પોલીસની ટીમ સાથે કથિત ગેરકાયદે બાંધકામો દૂર કરવા ગઈ હતી, પરંતુ રહેવાસીઓએ એમ કહીને વિરોધ કરવાનું શરૂ કર્યું કે તેઓ છેલ્લા ૨૫ વર્ષથી ત્યાં રહે છે ત્યાં તેમણે જણાવ્યું કે એક પ્લોટ પર લગભગ ૪૦૦ ઝૂંપડા બાંધવામાં આવ્યા હતા. સોશિયલ મીડિયા પર પથ્થરમારોનો એક વીડિયો પણ ફરતો થયો હતો, જેમાં મહિલાઓ અને પુરુષો પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓ પર પથ્થરમારો કરતા જોવા મળે છે. મુંબઈમાં પોલીસ અને મ્સ્ઝ અધિકારીઓ પર પથ્થરમારો થયો હતો. આ ઘટનામાં અનેક પોલીસકર્મીઓ ઘાયલ થયા છે. મુંબઈ પોલીસ અને બીએમસીના અધિકારીઓ મુંબઈના પવઈ વિસ્તારમાં અતિક્રમણ હટાવવા ગયા હતા. વહીવટીતંત્ર દ્વારા અહીં અતિક્રમણ સામે ઝુંબેશ ચાલી રહી છે. અતિક્રમણ હટાવતી વખતે અતિક્રમણકારોએ મુંબઈ પોલીસ અને બીએમસી અધિકારીઓ પર પથ્થરમારો કર્યો હતો. આ ઘટનાનો એક વીડિયો પણ સામે આવ્યો હતો, જેમાં અતિક્રમણ કરનારાઓ પોલીસ પર પથ્થરમારો કરતા જોઈ શકાય છે.

## સ્મૃતિ ઈરાની, અનુરાગ ઠાકુરથી લઈ રુપાલા સહિત દિગ્ગજોના મોદી ૩.૦ કેબિનેટમાંથી પત્તા કપાયા

નવીદિલ્હી,

વડાપ્રધાન મોદીએ સતત ત્રીજીવાર દેશના વડાપ્રધાન પદ માટે શપથ લઈ હતાં રાષ્ટ્રપતિ ભવનમાં આયોજીત સોગંદ વિધિ સમારંભમાં મંત્રીઓએ સોગંદ લીધા હતાં ત્રીજી વારના કાર્યકાળમાં સરકારમાં અનેક નવા ચહેરાને સામેલ કરવામાં આવ્યા છે. જયારે સ્મૃતિ ઈરાની અને અનુરાગ ઠાકુર તથા નારાયણ રાણે, પરશોત્તમ રુપાલા, દેવુસિંહ ચૌહાણ સહિત અનેક જાણીતા ચહેરાઓને પ્રધાનમંડળમાં સામેલ કરવામાં આવ્યા નથી મોદી સરકારના ત્રીજીવારના કાર્યકાળમાં બે પૂર્વ મુખ્યપ્રધાનને પણ મંત્રી બનાવવામાં આવ્યા છે. જેમાં મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાન શિવરાજ સિંહ ચૌહાણ સાથે હરિયાણાના પૂર્વ મુખ્યપ્રધાન મનોહર લાલ ખટ્ટર સામેલ છે વર્તમાન અને પૂર્વ મંત્રીઓને કેબિનેટમાં સ્થાન મળ્યુ નથી તેમાં નારાયણ રાણે (ચૂંટણી જીત્યા પણ સ્થાન નથી),અનુરાગ ઠાકુર (ચૂંટણી જીત્યા પણ સ્થાન નથી),પરશોત્તમ રૂપાલા (ચૂંટણી જીત્યા પણ જગ્યા નથી),અર્જુન મુંડા (ચૂંટણી હારી ગયા),સ્મૃતિ ઈરાની (ચૂંટણી હાર્યા),આરકે સિંહ (ચૂંટણી હારી ગયા),મહેન્દ્ર નાથ પાંડે (ચૂંટણી હાર્યા) આ ઉપરાત રાજ્ય કક્ષા પ્રધાનોમાં અશ્વિની કુમાર ચૌબે (ચૂંટણી લડી ન હતી),વીકે સિંહ (ચૂંટણી લડી ન હતી),સાધ્વી નિરંજન જ્યોતિ (ચૂંટણી હાર્યા),સંજીવ બાલિયાન (ચૂંટણી હાર્યા),રાજીવ ચંદ્રશેખર (ચૂંટણી હારી ગયા),દર્શના જરદોશ (ટિકિટ મળી નહોતી),વી મુરલીધરન (ચૂંટણી હાર્યા),મીનાક્ષી લેખી (ટિકિટ મળી નહોતી) દેવુસિંહ ચૌહાણ (ચૂંટણી જીત્યા પણ સ્થાન નથી) સામેલ કરવામાં આવ્યા નથી

## મનસુખ સાગઠિયાએ રાજકોટ અગ્નિકાંડની તપાસથી બચવા અનેક પેંતરાબાજી કરી હોવાનું સામે આવ્યું

રાજકોટ,

રાજકોટ ગેમઝોન અગ્નિકાંડમાં દિવસે દિવસે મોટા ખુલાસા થયા છે. રાજકોટ અગ્નિકાંડના આરોપી મનસુખ સાગઠિયાની વધુ એક કરતૂતનો પર્દાફાશ થયો છે. મનસુખ સાગઠિયાએ રાજકોટ અગ્નિકાંડની તપાસથી બચવા અનેક પેંતરાબાજી કરી હોવાનું સામે આવી રહ્યું છે. મનસુખ સાગઠિયાએ જૈંને ગેરમાર્ગે દોરવા માટે અનેક પેંતરાબાજી અપનાવી હોવાનું તપાસમાં સામે આવ્યુ છે. મનસુખ સાગઠિયાએ ટીપીઓ શાખાની બનાવટી મિનિટ્સ નોટ બનાવી હતી.

સ્ટાફને ધમકાવી સાગઠિયાએ મિનિટ્સ નોટમાં સહી કરાવી હતી. સાગઠિયાએ અગ્નિકાંડ બાદ ૨૭મીએ સાંજે સ્ટાફની તાબડતોબ મિટિંગ બોલાવી હતી. અગાઉથી તૈયાર કરાવેલ બોગસ મિનિટ્સ નોટ પર સ્ટાફને ધમકાવી સહી કરાવી હતી.અગ્નિકાંડના ગુનાથી બચવા મનસુખ સાગઠિયાએ ષડયંત્ર રચ્યું હોવાનુ સામે આવ્યુ છે. સમગ્ર મામલે એમ.ડી સાગઠિયા વિરુદ્ધ વધુ એક ગુનો દાખલ કરવામાં આવ્યો છે.મનસુખ સાગઠિયા વિરૂદ્ધ ગુનો નોંધવામાં સરકાર ફરિયાદી બની છે એસઆઈટીના સભ્ય પીએસઆઈ ડી.સી. સાકરિયાએ ગુનો દાખલ કરાવ્યો છે.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

પંચમહાલ સમાચાર

# મોતની ઈમારતો ગત વર્ષે ૧ મકાનને નોટીસ આપી સંતોષ માન્યો હતો : હોળી ચકલા, મદાની શેરી, કાલુપુર સહિત અનેક વિસ્તારોમાં જોખમી બિલ્ડિંગ



**લ્યો બોલો...પાલિકાને સર્વેમાં એક પણ ઈમારત જર્જરિત ન દેખાઈ.**

બાલાસિનોર નગરનાઅનેક વિસ્તારોમાં જર્જરિત મકાનો આવેલા છે, પરંતુ પાલિકા દ્વારા કરવામાં આવેલ સર્વેમાં એક પણ મકાન જર્જરિત દેખાઈ નહીં. ત્યારે ફક્ત કાગળ ઉપર સર્વે કર્યો હોય તેવી ચર્ચાઓ એ જોર પકડ્યું હતું.

**ગત વર્ષે પાલિકાએ જોખમી મકાનના ફક્ત ૧ જ વપરાશકર્તાને નોટિસ પાઠવી હતી.**

ગત વર્ષ ૨૦૨૪ના ચોમાસા પૂર્વે સર્વે કરી પટેલવાડા વિસ્તારમાં જર્જરિત અને જોખમી મકાન ના વપરાશકર્તાને નોટિસ પાઠવી હતી. આ વર્ષે પંદર દિવસ પહેલા સર્વે કરવામાં આવ્યો હતો. પરંતુ સર્વેમાં એક પણ ઈમારત જર્જરિત હોય એવું જાણવામાં આવ્યું નથી. – આકાશ પટેલ, ચીફ ઓફિસર, બાલાસિનોર

બાલાસીનોર, બાલાસિનોર નગરના અલગ અલગ વોર્ડમાં જર્જરિત મકાનો, બિલ્ડિંગો ઘણા મહિનાઓથી જોખમી હાલતમાં છે. આવા ભયજનક મકાનો અને બિલ્ડિંગની આસપાસ રહેતા લોકો અકસ્માતનો ભય સેવી રહ્યા છે. રાજ્યમાં ચોમાસા પૂર્વે જર્જરિત મકાનોનો સરવે કરી તેને ઉતારી લેવાની નોટીસ આપવા સહિતની કામગીરી કરાતી હોય છે. પરંતુ બાલાસિનોર નગરપાલિકાને આ નિયમ લાગુ ન પડતો હોય એમ કોઈ કાર્યવાહી કરાઈ હોવાનું સ્થળ પર જોવા મળતું નથી.

આ અંગે પંચમહાલ સમાચાર એ બાલાસિનોરના વિવિધ વિસ્તારોમાં જોખમી ઈમારતો અંગે રિયાલિટી ચેક કરતા જાણવા મળ્યું કે, અનેક જૂની બિલ્ડિંગ, મકાનો મોતનો માંચડો બની ગયા છે. નગરના હોળી ચકલા, મદાની શેરી, ગાંધી ચોક, ગોલવાડ જેવા અનેક વિસ્તારમાં અમુક જૂના મકાનો, દુકાનો, બિલ્ડિંગ પર તિરાડો પડેલી નજરે જોઈ શકાય છે. નગરના મોટા ભાગના કિસ્સાઓ તંત્રને ખબર હોય છે કે આ કાચું કે પાકું જોખમી મકાન કે દુકાન, બિલ્ડિંગ ના કારણે ગમે ત્યારે અકસ્માત બની શકે છે. છતાં પણ નક્કર કાર્યવાહી થતી નથી. શહેરમાં અનેક એવા ભયગ્રસ્ત મકાનો છે જે ભારે પવન સાથે વધુ વરસાદ પડે તો જમીનદોસ્ત થવાની શક્યતા છે.


અગાઉ કડિયાના ઢાળ પાસે આવેલ જોખમી લાયબ્રેરી તેમજ ગાંધી ચોકમાં આવેલ સૂરજ મહેલનો નો કેટલોક ભાગ ધરાશાઈ થયો હતો. અને હાલ અન્ય ભાગ ભયગ્રસ્ત હાલતમાં હોવાના કારણે આસપાસના લોકો અકસ્માતનો ભય સેવી રહ્યા છે. નગરપાલિકાએ બાલાસિનોર ના જર્જરિત અને ભયગ્રસ્ત મકાનો, બિલ્ડિંગો નું આ વર્ષે સર્વે કર્યું હતું પરંતુ સર્વેમાં એક પણ મકાન કે બિલ્ડિંગ તંત્રને જર્જરિત લાગ્યું ન હતું. આગામી એક મહિના બાદ ચોમાસુ છે, પ્રિ – મોન્સુન કામગીરી ના ભાગરૂપે પાલિકાએ ફરી એક વખત ભયગ્રસ્ત બાંધકામોનો વ્યવસ્થિત સર્વે કરીને તેની યાદી તૈયાર કરી આવા તમામ બાંધકામના વપરાશકર્તાઓને ચોમાસા પહેલા રીપેરીંગ તેમજ ઉતારી લેવા નોટિસ આપવામાં આવે તેવી માંગ પ્રબળ બની છે. જો કે માત્ર કાગળ પર કાર્યવાહી કરાતી હોવાનું લોકોને લાગી રહ્યું છે. જયારે જર્જરિત હાલતમાં મકાનની દીવાલ પડે અને કોઈને ઈજા કે કંઇ થાય તો જવાબદારી કોની તે મોટો સવાલ ઉઠી રહ્યો છે.

## ગુજરાત તીરગર સમાજ વિકાસ ટ્રસ્ટ દ્વારા લુણાવાડા ખાતે સત્કાર સમારોહ યોજાયો



લુણાવાડા, મહીસાગર જિલ્લાના લુણાવાડ ખાતે ગુજરાત સમાજ વિકાસ દ્વાર બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે સમસ્ત ગુજરાતના તેજસ્વી તારલાનો સત્કાર સમારંભ યોજવામાં આવ્યો અને આગળ ભણવા માટે પ્રોત્સાહન પણ આપ્યું. તેમાં જેમાં લુણાવાડાના પૂર્વ ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ગુજરાતના સમગ્ર તીરગર સમાજના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. વય નિવૃત્તિ રમત ગમત કલાક ક્ષેત્ર સામાજિક ક્ષેત્ર રાજકારણ ક્ષેત્રે આગેવાનોનું સન્માન કરવામાં આવ્યું.

## સંતરામપુર-કડાણા માર્ગ રીકાર્પેટ બાદ ગરમીમાં રોડ પરનો ડામર ઓગળતા વાહન ચાલકોમાં અકસ્માતનો ભય



મલેકપુર, સંતરામપુર –કડાણા મુખ્ય માર્ગ ઉપર માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાજેતરમાં રીકાર્પેટ કરવામાં આવ્યું હતું. જોકે, ગરમીના પ્રકોપમાં રોડ પર ડામર ઓગળી જવાથી વાહન ચાલકો અને રહેદારીઓ માટે અકસ્માતનું નિર્માણ કરવામાં આવ્યું હોય તેવું જોવા મળ્યું હતું.

દીવડા કોલોની બહારના બસ સ્ટેન્ડ ચોકડી આવેલ કડાણા –સંતરામપુર મુખ્ય માર્ગ રાજસ્થાન ને જોડતો મુખ્ય માર્ગ છે. અહીંયા દિવસ દરમિયાન હજારો વાહનો પસાર થાય છે. આ રસ્તા ઉપર માર્ગ અને મકાન વિભાગ દ્વારા ગંભીર બેદરકારી ભર્યું કામ કરવામાં આવ્યું હતું. માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તા ઉપર ઠીંગડા મારવા રોડનું સરફેસિંગ કરીને તેના પર સીલકોટ કરવામાં આવ્યું હતું. જેમાં ડામરના મીશ્રણની રસ્તાને રીકાર્પેટ કરવાની કામગીરી ભર ઉનાળામાં કરવામાં આવી રહી છે. એક તરફ આકાશમાંથી અગનગોળા વરસતા હોય તેમ કાળઝાળ ગરમી પડી રહી છે. ત્યારે રસ્તા ઉપર ડામર પીગળવાના અનેક બનાવો બની રહ્યા છે. જેના કારણે લોકો અકસ્માત ભોગ બને છે, પરંતુ અહીતો માર્ગ અને મકાન વિભાગેજ અકસ્માત સર્જાય તેવી કામગીરીનું સર્જન કરી માત્ર દેખાવ પુરતી કામગીરી અધુરી મુકી લોકોના જીવ જોખમમાં મુકાય તેવી સ્થિતિનું નિર્માણ કરવામાં આવ્યું હોવાનું દેખાય રહ્યું છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા મુખ્ય રસ્તા પર માત્ર ડામર પાથરી ગાયબ થઇ જતા રાહદારીઓ માટે રસ્તો પાર કરવો મુશ્કેલ બની ગયો છે. રસ્તા ઉપર પાથરેલ ડામર ગરમીમાં ઓગળી જવાના કારણે વાહનો અને રાહદારીઓ માટે આ રસ્તો પસાર કરવો મુશ્કેલી બની ગયો છે. ત્યારે ઉનાળાની ગરમીમાં રસ્તા ઉપર ડામર પાથરી અકસ્માત નોતરે તેવી અધુરી કામગીરી મુકી ગાયબ થયેલ માર્ગ અને મકાન વિભાગ સામે લોકોમાં રોષ જોવા મળ્યો હતો.

## અસામાજીક પ્રવૃત્તિ સાથે જોડાયેલ કડાણા તાલુકાના ડિટવાસ ગામના શખ્સને પાસામાં ધકેલી દેવાયો



બાલાસિનોર, મહીસાગર એલસીબી અને બાલાસિનોર પોલીસે સંયુક્ત રીતે એક આરોપીની ધરપકડ કરી તેને પાછા હેઠળ અમદાવાદ જેલમાં મોકલી આપ્યો હતો.અસામાજીક પ્રવૃત્તિ સાથે જોડાયેલ આ ઈસમ વિરૂદ્ધ જુદા જુદા પોલીસ સ્ટેશનમાં ગુન્હાઓ નોંધાયા હતા.લોકસભાની ચૂંટણી અન્વયે અસામાજીક પ્રવૃત્તિ અટકાવવા મહીસાગર એસપી જયદીપસિંહ જાડેજા અને ડીવાયએસપી કમલેશ વસાવાના માર્ગદર્શન જીલ્લાના તમામ પોલીસ સ્ટેશન તેમજ શાખાઓમાં અસામાજીક પ્રવૃત્તિ કરતા ઈસમોને શોધી કાઢવા સૂચનાઓ આપી હતી. જેના આધારે બાલાસિનોર તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઇ એ.બી દેવધા અને ટીમ તેમજ મહીસાગર એલસીબી પીઆઇ એ.બી.અસારી અને ટીમે હિંમતસિંહ ઉર્ફે અમથો કિરીટભાઈ ડામોર (રહે ડીટવાસ ભૂરીના મુવાડા,તા.કડાણા,જીલ્લા મહીસાગરની ધરપકડ કરી હતી. આ ઈસમ વિરૂદ્ધ મહીસાગર જીલ્લાના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ગુનાઓ દાખલ થયેલ હોય અને તે વારંવાર ગુનાઓ કરી અસામાજીક પ્રવૃત્તિ સાથે જોડાયેલ હોય પોલીસ દ્વારા મહીસાગર કલેક્ટર સમક્ષ પાસાની દરખાસ્ત કરવામાં આવી હતી. ૩ મે ના રોજ કલેક્ટરી ભાષા દરખાસ્ત મંજુર કરતો મહીસાગર એલસીબી અને બાલાસિનોર પોલીસની ટીમ સંયુક્ત રીતે ડીટવાસ ખાતે ખાનગી વાહનો લઇ છાપો માર્યો હતો અને આરોપીને ઝડપી લઇ પસા હેઠળ અમદાવાદ મધ્યસ્થ જેલમાં ધકેલી દીધો હતો.

## કેનેડામાં ટેક ઓફ કરતા જ પ્લેનના એન્જિનમાં લાગી આગ, પાયલટે ૪૦૨ લોકોના જીવ બચાવ્યા

ટોરેન્ટો, કેનેડાની રાજધાની ટોરોન્ટોથી પેરિસ જતી ફ્લાઈટમાં આગ લાગી હતી. રનવે પરથી ટેકઓફ થયાની થોડી જ મિનિટોમાં આગ ફાટી નીકળી હતી. આગની માહિતી મળતાની સાથે જ પાયલટે ડહાપણ બતાવ્યું અને પ્લેનને નીચે લાવ્યું. આ રીતે પ્લેનમાં સવાર ૪૦૨ લોકોના જીવ બચી ગયા. વિમાનમાં આગ લાગવાની ઘટના મોડી રાત્રે બની હતી. તેનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે પ્લેન ટેક ઓફ કરતાની સાથે જ તેમાં આગ લાગી જાય છે. આ આગ પ્લેનના જમણા એન્જિનમાં શરૂ થાય છે. આ કારણે રાતના અંધારામાં એરક્રાફટમાંથી તણખા નીકળવા લાગે છે, એર ટ્રાફિક કંટ્રોલે આ આગ જોતાં જ પાયલટને તરત જ જાણ કરી હતી.પાયલોટે 'પાન-પાન'ની બૂમો પાડીને તાત્કાલિક ઈમરજન્સી જાહેર કરી અને એટીસીને તાત્કાલિક રનવે ખાલી કરવાની માંગ કરી. હજાર ફૂટની ઊંચાઈએ ઉડતું પ્લેન નીચે લાવવામાં આવ્યું હતું. આ પછી એરપોર્ટ ક્રૂ મેમ્બરોએ પ્લેનમાં લાગેલી આગને બુઝાવી દીધી અને તમામ મુસાફરોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા. એર કેનેડા ૭૭૭ વાઈડ બોડી પ્લેનમાં બુધવારે બપોરે ૧૨:૧૭ વાગ્યે (ટોરોન્ટો સમય) આગ લાગી હતી, એમ એરપોર્ટ ઓથોરિટીએ જણાવ્યું હતું. રાત્રે ૧૨.૩૯ વાગે એર ટ્રાફિક કંટ્રોલ એ પ્લેનના પાયલટને આ જાણકારી આપી. આ પ્લેનમાં ૪૦૨ લોકો સવાર હતા, જેમાં ૩૮૯ મુસાફરો અને ૧૩ ક્રૂ મેમ્બર હતા.આ સમગ્ર ઘટના પર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ યુઝર ક્રિસ હેડફિલ્ડે કહ્યું કે પાયલટ અને એટીસીની સતર્કતાને કારણે સેંકડો મુસાફરોના જીવ બચી ગયા છે. હેડફિલ્ડે 'યુ કેન સી એટીસી' નામનો યુટ્યુબ વીડિયો શેર કર્યો છે. તે સ્પષ્ટપણે જોઈ શકાય છે કે પ્લેન ટેકઓફ થતાં જ તેના જમણા એન્જિનમાં આગ લાગી જાય છે. વિમાન લગભગ ૧૦૦૦ ફૂટની ઉંચાઈ પર હતું.

## રશિયાની વોલ્ખોવ નદીમાં ડૂબી ગયેલા ચારેય ભારતીય વિદ્યાર્થીઓના મૃતદેહ મળી આવ્યા

મોસ્કો, રશિયાની વોલ્ખોવ નદીમાં ડૂબી ગયેલા ચારેય ભારતીય વિદ્યાર્થીઓના મૃતદેહ મળી આવ્યા છે. મૃતક વિદ્યાર્થીઓ મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના રહેવાસી હતા. જલગાંવ જિલ્લા કલેક્ટર આયુષ પ્રસાદના જણાવ્યા અનુસાર, આ દુર્ઘટના ૪ જૂને થઈ હતી. ઘટનાના પ્રથમ બે દિવસમાં બે મૃતદેહ મળી આવ્યા હતા.આયુષે જણાવ્યું હતું કે રશિયન અધિકારીઓએ સવારે વધુ બે મૃતદેહો મેળવ્યા હતા. મૃતદેહોને મુંબઈ લાવવામાં આવી રહ્યા છે. આ પછી વિદ્યાર્થીઓના મૃતદેહને જલગાંવ જિલ્લામાં તેમના વતન લઈ જવામાં આવશે. ચાર મૃતકો, હર્ષલ અનંતરાવ દેસલે, જીશાન અશફાક પિંજરી, ઝિયા ફિરોઝ પિંજરી અને મલિક ગુલામ ગૌસ મોહમ્મદ યાકુબ, રશિયાની યારોસ્લાવ-ધ-વાઈઝ નોવગોરોડ સ્ટેટ યુનિવર્સિટીમાં મેડિસિનનો અભ્યાસ કરતા હતા. વાસ્તવમાં, મૃતકની સાથે નિશા અને ભૂપેશ નામના વધુ બે વિદ્યાર્થીઓ હતા. બંનેના જીવ બચી ગયા હતા. આ ઘટના અચાનક બની જ્યારે ૧૮ થી ૨૦ વર્ષની વયના વિદ્યાર્થીઓનું જૂથ વોલ્ખોવ નદીના કિનારે લટાર મારતું હતું. અમલનેરનો રહેવાસી જીશાન પિંજરી જ્યારે ડૂબી ગયો ત્યારે તેના માતા-પિતા સાથે વીડિયો કોલ પર હતો. પરિવારજનોએ તેને પાણીમાંથી બહાર આવવા કહ્યું હતું. મૃતક જીશાન અને જીયા ભાઈ-બહેન હતા. જ્યારે દેસલે ભડગાંવનો હતો. રશિયન યુનિવર્સિટીના વહીવટીતંત્રે ભારતીય રાજદૂતને એક સંદેશ મોકલીને વિદ્યાર્થીઓના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો છે.

## યુએન ઈઝરાયેલ અને હમાસને બ્લેકલિસ્ટ કરવા જઈ રહ્યું છે, બાળકો સામેના ગુનાઓ સામે પગલાં લીધા છે

સંયુક્ત રાષ્ટ્ર, સંયુક્ત રાષ્ટ્રએ ઈઝરાયેલ અને હમાસને બ્લેકલિસ્ટ કરવાનો નિર્ણય લીધો છે. જેના કારણે ઈઝરાયેલમાં ભારે ખળભળાટ મચી ગયો છે. યુનાઈટેડ નેશન્સે ગાઝામાં બાળકો વિરુદ્ધ થઈ રહેલા અપરાધોને લઈને ઈઝરાયેલ અને હમાસ વિરુદ્ધ આ પગલું ભરવાનો નિર્ણય કર્યો છે. યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસ સુરક્ષા પરિષદને તેમના આગામી વાર્ષિક અહેવાલમાં ઈઝરાયેલ અને હમાસને સશસ્ત્ર સંઘર્ષમાં બાળકોના અધિકારો અને સંરક્ષણના ઉલ્લંઘનકર્તા તરીકે સૂચિબદ્ધ કરશે. તેણે આ માહિતી આપી છે.

ગયા વર્ષના અહેવાલની રજૂઆત મુજબ, પક્ષકારોને "બાળકોની હત્યા અને અપંગતા" અને "શાળાઓ, હોસ્પિટલો પર હુમલા" માં તેમની સંડોવણી માટે સૂચિબદ્ધ કરવામાં આવ્યા છે. યુએનના પ્રવક્તા સ્ટીફન ડુજારિકે પત્રકારોને જણાવ્યું હતું કે સેક્રેટરી-જનરલ ગુટેરેસના કાર્યાલયના વડા કોર્ટનેય રાટ્રેએ શુક્રવારે ઈઝરાયેલના યુએન એમ્બેસેડર ગિલાડ એર્ડનને ફોન કરીને જાણ કરી હતી કે જ્યારે આવતા અઠવાડિયે કાઉન્સિલને રિપોર્ટ મોકલવામાં આવશે ત્યારે ઈઝરાયેલને સૂચિમાં સામેલ કરવામાં આવશે. જશે.

યુનાઈટેડ નેશન્સે બાળકો વિરુદ્ધ અપરાધ કરવા બદલ ઈઝરાયલ તેમજ હમાસની ટીકા કરી છે. હમાસે ઘણા બાળકોની નિર્દયતાથી હત્યા પણ કરી છે. તે જ સમયે, ગાઝા હવાઈ હુમલામાં મોટી સંખ્યામાં પેલેસ્ટિનિયન બાળકો માર્યા ગયા છે. આ માટે ઈઝરાયેલ જવાબદાર છે. તેથી ઈઝરાયેલની સાથે હમાસ અને પેલેસ્ટિનિયન ઈસ્લામિક જેહાદને પણ લિસ્ટ કરવામાં આવી રહ્યું છે. યુએનના આ નિર્ણય સામે નારાજગી વ્યક્ત કરતા ઈઝરાયલે સમાચાર સંસ્થાઓને એક વીડિયો મોકલ્યો હતો, જેમાં એરદાન કથિત રીતે રાત્રે સાથે વાત કરતા અને તેને ઠપકો આપતા જોવા મળે છે.

## આપની આજ.......

મેષ: આજે તમે તમારી ભાવનાઓને સારી રીતે વ્યક્ત કરી શકશો. આજે વિદ્યાર્થીઓ પોતાના માટે નવું પુસ્તક અથવા શિક્ષણ સંબંધિત કોઈપણ સામગ્રી ખરીદી શકે છે.

વૃષભ: આ દિવસે તમારી એકાગ્રતા ઘટી શકે છે, જેના કારણે કરિયર અને શિક્ષણ ક્ષેત્રે પડકારોનો સામનો કરવો પડી શકે છે. જો કે પરિણીત લોકો માટે આજનો દિવસ સારો રહેશે, તમને તમારા જીવનસાથીનો સંપૂર્ણ સહયોગ મળશે.

મિથુન: પોતાના ભોજનનું વિશેષ ધ્યાન રાખવું પડશે, નહીં તો પાચનતંત્ર પર ખરાબ અસર પડી શકે છે, જેના કારણે સ્વાસ્થ્ય બગડવાની સંભાવના છે. આ રાશિના વ્યાપારીઓ માટે આજનો દિવસ સારો રહેશે.

કર્ક: આજે આ ગુણોથી તમે તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરી શકો છો. કેટલાક લોકો આ દિવસે ઘર માટે કેટલીક ઈલેક્ટ્રોનિક વસ્તુઓ ખરીદી શકે છે. તમને ધાર્મિક કાર્યોમાં પણ રસ રહેશે.

સિંહ: આજે ઉર્જા અને સકારાત્મકતાથી ભરેલા રહેશે. તમારી તર્ક ક્ષમતા પણ આજે જબરદસ્ત રહેશે. જે લોકો નોકરી કરે છે, તેઓ આજે વરિષ્ઠોને પોતાની વાતથી પ્રભાવિત કરી શકે છે.

કન્યા: આજે જીવનસાથી તરફથી સારું સરપ્રાઈઝ મળી શકે છે અથવા તો તમે તેમને સરપ્રાઈઝ આપી શકો છો. આ રાશિના લોકોના પારિવારિક જીવનમાં સારા ફેરફારો જોવા મળશે. આ રાશિના જાતકોને ભાગીદારીમાં વ્યાપાર કરવાથી ફાયદો થશે.

તુલા: પારિવારિક જીવનમાં સુખદ અનુભવ કરાવશે. આજે તમે તમારા બાળકો અથવા પરિવારના સભ્યો માટે ભેટ ખરીદી શકો છો. આ રાશિના લોકો પણ આજે તેમની માતા સાથે સારો સમય વિતાવી શકે છે.

વૃશ્ચિક: આજે તમને ભાગ્યનો સાથ મળશે અને બગડતા કામો પણ થવા લાગશે. આજે તમે કાર્યસ્થળમાં ખૂબ વ્યસ્ત રહેશો, પરંતુ સારી વાત એ છે કે આજે તમે તમારા અટકેલા કામને પૂર્ણ કરવામાં સફળ થઈ શકો છો. વ્યસ્ત દિવસ હોવા છતાં, આ રાશિના લોકો સાંજે ઘરના સભ્યો સાથે ખરીદી કરતા જોવા મળે છે.

ધન: દિવસે, તમે એવા લોકો સાથે સમય પસાર કરવાનું પસંદ કરશો જેઓ મનની શાંતિ માટે તેમના શબ્દો બોલવા કરતાં તમારા શબ્દો સાંભળવા વધુ પસંદ કરે છે. તમારી વાણીમાં પણ મધુરતા જોવા મળશે.

મકર: આજે ઓનલાઈન ખરીદી કરીને ઘરના લોકો માટે તેમની પસંદગીની વસ્તુઓ ખરીદી શકો છો. આ રાશિના લોકોને કરિયરના ક્ષેત્રમાં પણ ફાયદો થશે. તમે તમારો પોતાનો વ્યવસાય શરૂ કરવાનું વિચારી રહ્યા છો, તો આજે અનુભવી લોકો સાથે વાત કરવી ફાયદાકારક રહેશે.

કુંભ: આજે ગ્રહોની સ્થિતિ તમને થોડી મૂંઝવણ આપી શકે છે, પરંતુ બારમા ભાવમાં ચંદ્રની હાજરીને કારણે તમે યોગ-ધ્યાન અથવા ઘરના કોઈ વરિષ્ઠ વ્યક્તિ સાથે વાત કરીને દરેક સમસ્યાનો ઉકેલ મેળવી શકો છો.

મીન: આજે લાભ થઈ શકે છે. આ રાશિના જે લોકો પોતાનો બિઝનેસ કરે છે તેમને સારો ફાયદો થવાની સંભાવના છે. પારિવારિક જીવનમાં પણ તમને સારા પરિણામ મળશે, આજે તમે તમારા મોટા ભાઈ-બહેન સાથે મળીને ખરીદી કરી શકો છો.

## ઉત્તર કોરિયામાં જીન્સ પહેરવા પર પ્રતિબંધ, જીન્સ પહેર્યું તો કાયદેસરની કાર્યવાહી

કોરિયા, વિશ્વના વિવિધ દેશોનો પોશાક સંપૂર્ણપણે અલગ છે. ભારતનો પરંપરાગત પોશાક અલગ છે તેવી વિવિધ દેશોના અલગ પોશાક હોય છે. પરંતુ આજે જીન્સ મુખ્યત્વે મોટાભાગના દેશોમાં પહેરવામાં આવે છે. પરંતુ શું તમે જાણો છો કે એક એવો દેશ છે જ્યાં જીન્સ પહેરવા પર પ્રતિબંધ છે.

જીહા, આ દેશના લોકો જીન્સ પહેરવું તો દૂર નામ પણ લઈ શકતા નથી, જો કોઈ વ્યક્તિ જીન્સ પહેરે તો પણ તેની સામે કાયદાકીય કાર્યવાહી થાય છે. ત્યારે આ કયો દેશ છે અને કેમ ત્યાં જીન્સ પર પ્રતિબંધ છે ચાલો જાણીએ

આજે, જીન્સ પહેરવા એ આખી દુનિયામાં સામાન્ય કપડાં તરીકે જોવામાં આવે છે. વિશ્વના ઘણા દેશોમાં, સ્ત્રી અને પુરુષ બંને જીન્સ પહેરવાનું પસંદ કરે છે. જીન્સની ખાસિયત એ છે કે તે ગરીબથી લઈને અમીર સુધી તમામ ઉંમરના લોકોમાં લોકપ્રિય છે. હવે સવાલ એ છે કે જીન્સ કયા દેશમાં પ્રતિબંધિત છે.

તમને જણાવી દઈએ કે ઉત્તર કોરિયામાં જીન્સ પહેરવા પર પ્રતિબંધ છે. રિપોર્ટ અનુસાર ઉત્તર કોરિયામાં બ્લુ જીન્સ પર પ્રતિબંધ હતો પણ તપાસ કરતા જણાયું કે ત્યાં બ્લ્યૂ જ નહી તમામ પ્રકારના જીન્સ પર પ્રતિબંધ છે. આટલું જ નહીં ઉત્તર કોરિયામાં લોકો જીન્સ પહેરી શકતા નથી, પરંતુ ત્યાં જીન્સ પહેરવા પર સજા પણ છે.

તમને જણાવી દઈએ કે ઉત્તર કોરિયામાં બ્લુ જીન્સને અમેરિકન સામ્રાજ્યવાદનું પ્રતીક માનવામાં આવે છે. જ્યારે અમેરિકાને આ દેશનો કટ્ટર દુશ્મન માનવામાં આવે છે. આ જ કારણ છે કે ઉત્તર કોરિયામાં પર બ્લુ સહિત તમામ કલરના જીન્સ પર પ્રતિબંધ છે.

મળતી માહિતી મુજબ ઉત્તર કોરિયાએ ૨૦૦૯માં સ્વીડનમાં જીન્સની નિકાસ કરવાની યોજના બનાવી હતી. જેથી ત્યાંના પબ ડિપાર્ટમેન્ટ સ્ટોર્સ તેને નોકો બ્રાન્ડના નામથી વેચી શકે. પરંતુ સમગ્ર વિશ્વમાં તેનો એટલો વિરોધ થયો કે નિર્ણય પાછો ખેંચવો પડ્યો. એક હકીકત એ પણ છે કે ઉત્તર કોરિયામાં જીન્સ બનાવવાની છૂટ છે, પરંતુ તેને પહેરવાની મંજૂરી નથી. પરંતુ અહીં અંદરની તમામ માહિતી સંપૂર્ણપણે નિયંત્રિત છે. ઉત્તર કોરિયામાં કોઈ જીન્સ પહેરતું નથી. જેઓ જીન્સ પહેરે છે તેમની સામે સામાજિક બહિષ્કાર અને કાનૂની કાર્યવાહી છે.

## જાપાનની વૃદ્ધ વસ્તી, વધુ લગ્નો અને બાળકો માટે ડેટિંગ એપ શરૂ કરી

ટોકયો, ગયા વર્ષના ડેટા અનુસાર, જાપાનમાં જન્મ દર ઘણો ઓછો નોંધવામાં આવ્યો છે. જાપાનની વસ્તી વધુને વધુ વૃદ્ધ થઈ રહી છે, અને જન્મ દર ઘટી રહ્યો છે. હવે ગયા વર્ષના સરકારી ડેટા દર્શાવે છે કે ૧૨૩.૯ મિલિયનની વસ્તી ધરાવતા દેશમાં માત્ર ૭૨૭૨૭૭ બાળકોનો જન્મ થયો હતો. આ આંકડો પાછલા વર્ષોની સરખામણીમાં ઓછો છે. આ માટે સરકારે ડેટિંગ એપ શરૂ કરી છે.જાપાનમાં સરકાર દ્વારા સંચાલિત ડેટિંગ એપ ચલાવવામાં આવી રહી છે. જો કે, લગ્ન ઈચ્છતા લોકો વચ્ચે જોડાણની સુવિધા આપવા માટે આ એપનું પ્રારંભિક પરીક્ષણ છે. લગ્નના પ્રથમ પગલા તરીકે વર્ણવેલ એપ્લિકેશન ટોક્યો મેટ્રોપોલિટન સરકાર દ્વારા પ્રદાન કરવામાં આવેલ છેં મેચમેકિંગ સિસ્ટમનો ઉપયોગ કરે છે.હકીકતમાં, જાપાનના આરોગ્ય, શ્રમ અને મંત્રાલયના ડેટા અનુસાર, ગયા વર્ષે ૭૨૭૨૭૭ બાળકોનો જન્મ થયો હતો. જ્યારે દેશની વસ્તી ૧૨૩.૯ મિલિયન છે. જન્મની આ સંખ્યા ઘણી ઓછી નોંધવામાં આવી છે. પ્રજનન દર ૧.૨૬ થી ઘટીને ૧.૨૦ થયો છે. જ્યારે સ્થિર વસ્તી માટે પ્રજનન દર ૨.૧ હોવો જોઈએ. પાછલા વર્ષે ૩૦,૦૦૦ લગ્નોમાં ઘટાડો તેમજ છૂટાછેડામાં વધારો સાથે વૈવાહિક જોડાણો પણ ઘટી રહ્યાં છે. નિષ્ણાતોનું કહેવું છે કે દેશની વસ્તી વિષયક અસંતુલનને જોતા આ ઘટાડો લાંબા સમય સુધી ચાલુ રહેશે. આ પડકારોને ઘટાડવાના પ્રયાસો ચાલુ છે, સરકાર આ મુદ્દાને ઉકેલવા માટે વિશેષ એજન્સીઓની સ્થાપના સાથે. જેમ કે બાળ સંભાળ સુવિધાઓમાં વધારો, માતાપિતા માટે આવાસ સબસિડી, પસંદગીના વિસ્તારોમાં બાળકોને જન્મ આપતા યુગલો માટે નાણાકીય પ્રોત્સાહન વગેરે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ સહયોગ કો.ઓ.ક્રેડીટ સોસાયટીના દૈનિક બચત ખાતેદારોના ૮૮.૯૫ લાખની છેતરપિંડીના ગુનાના વોન્ટેડને ઝડપ્યો





દાહોદ,

દાહોદ - સહયોગ કો.ઓ. ક્રેડિટ સોસાયટીમાં દૈનિક બચત કરતા કુલ-૧૦૬ ખાતેદારો પાસેથી કુલ રૂ.૮૮,૯૫,૧૦૦ લીધેલ રકમની કરી છેતરપિંડી

બેંક એજન્ટ દ્વારા કરવામાં આવેલ ઉચાપાતના ગુન્હામાં છેલ્લા ત્રણ મહીનાથી નાસતા ફરતા આરોપીની ધરપકડ કરતી દાહોદ ટાઉન એ ડિવીઝન પોલીસ મળતી માહિતી અનુસાર દાહોદ ટાઉન એ ડિવીજન પો.સ્ટે. વિસ્તારમાં આવેલ સહયોગ કો.ઓ. સોસાયટીમાં દૈનિક બચતના નાણા કલેકટીંગ એજન્ટ તરીકે જયમાલાબેન બાબુલાલ અગ્રવાલ રહે.૪૦૬, અક્ષર ટાવર-૧ મંડાવાવ રોડ દાહોદનાઓ ફરજ બજાવતા હતા અને તેઓએ સને ૨૦૧૪ થી તા.૧૪/૧૧/૨૦૧૪ ના ક.૧૧/૦૦ વાગ્યાથી તા.૧૭/૧૧/૨૦૨૩ ના ક.૧૧/૦૦ વાગ્યા દરમ્યાન ઉઘરાવેલ આ સોસાયટીમાં દૈનિક બચત કરતા કુલ-૧૦૬ ખાતેદારો પાસેથી કુલ રૂ.૮૮,૯૫,૧૦૦/- (અઠ્ઠયાસી લાખ પંચાણુ હજાર સો) આરોપીએ ઉઘરાવી જે નાણા સહયોગ કો.ઓ. ક્રેડિટ સોસાયટી લી. દાહોદમાં જમા નહી કરાવી પોતાના અંગત કામમાં વાપરી નાખી ઉચાપત કરી વિશ્વાસઘાત, છેતરપીંડી કરી ગુન્હો કર્યા વિગેરે બાબતની હકીકત આધારે સહયોગ કો.ઓ. સોસાયટીના મેનેજરનાઓએ ફરીયાદ આપતાં તા.૧૪/૦૩/૨૦૨૪ ના કલાક ૧૫/૩૦ વાગ્યે ઉચાપતનો ગુન્હો દાખલ કરવા દાખલ કરવામાં આવેલ છે.

સદર ગુન્હો દાખલ થયા પછી ઉચાપત કરનાર આરોપી જયમાલાબેન બાબુલાલ અગ્રવાલ નાઓ નાસતા ફરતા રહેલ અને પોલીસની પકડથી દુર રહેલ અને સદર ગુન્હાની તપાસ ડી.ડી.પઢીયાર પોલીસ ઈન્સ્પેકટર નાઓ કરતા હોય તેઓએ હુમન સોર્સથી માહીતી મેળવી પોલીસ સ્ટાફના માણસો દ્વારા વોચ રખાવી ગઈ તા.૦૭/૦૬/૨૦૨૪ ના રોજ આરોપી જયમાલાબેન બાબુલાલ અગ્રવાલને મંડાવાવ રોડ દાહોદ ખાતેથી ધરપકડ કરી પુછતાં દૈનિક બચતના ખાતેદારો પાસે દરરોજના રૂપીયા લેવા સારૂ પોતાનો છોકરો ધવલભાઈ જ/ઘ સુનિલકુમાર અગ્રવાલ પણ જતો હતો અને તેને અને પોતે ખાતેદારો પાસેથી ઉઘરાવેલ રૂપીયામાંથી અમુક રૂપીયા સહયોગ બેંકમાં જમા નહી કરાવેલ હોવાની કબુલાત કરેલ હોય આરોપીને નામદાર કોર્ટમાં રજુ કરી રીમાન્ડ મેળવી આગળની તપાસ તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

# દે.બારીયા શહેરમાં નગર પાલિકા દ્વારા પ્રિમોન્સુનની કામગીરી ગોકળગતિએ શા કારણે ચાલે છે ???



દે.બારીયા,

ગુજરાત સરકારીની ગાઈડ લાઈન અનુસાર રાજ્યની દરેક પાલિકાઓમાં ૧૫મી જુન સુધી પ્રિમોન્સુનની કામગીરી પૂર્ણ કરી દેવાનો આદેશ હોય છે. પરંતુ દે.બારીયા નગર પાલિકાના તંત્ર આ મોન્સુનની કામગીરી કરવા ઉંગતું રહ્યું છે. તેના પાછળ અનેક ફાયદા રહેલા છે. જે કાર્ય ના થયું હોય તેના પણ કાર્ય થઈ ગયાના બીલો મુકવામાં આવતાં હોય છે. હાલમાં દે.બારીયા શહેરમાં માત્ર ૧૦ ટકા કામ થયું છે. ૧૦ જુન પણ વટી જવા આવી શું ? ૯૦ ટકા મોન્સુનનું કાર્ય પાંચ દિવસમાં થઈ શકશે તે વહિવટી તંત્ર જણાવશે ખરા કે પછી અધુરી ૧૦ ટકા કામગીરીના બદલે સો ટકા કામગીરીના બીલો મુકી દેવામાં આવશે તે શહેરની આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરની વરસાદી કાંસો તેમજ ગંદા પાણીની કાંસો જેમની તેમ છે. સાથે સાથે પીવાના પાણીના શ્રોતો જેવા કુવા, વાવો, પાનમ નદીનું ચેક ડેમમાં પણ પાણી પ્રદુષિત થાય તેવા ઝાંડીઓ તેમજ રૂડો કચરો ખદીબદો રહ્યો છે. તેજ પાનમનું પાણી વોર્ટસ વર્કમાં ફિલ્ટર પ્લાન્ટ પણ બંધ છે. પાણીની પાઈપ ગટરો માંથી પસાર થાય છે. તેમાં પણ ગંદુ પાણી ભળી જાય છે. તેનું નિરાકરણ પણ લાવવામાં કેમ આવતો નથી અને શહેરીજનો ના આરોગ્ય સાથે ચેડા કરવા પાછળ કોણ જવાબદાર છે. કોલેરા તેમજ પેટનો દુઃખાવો, ટાઈફોઈડ, ઝાડાના કેસો થવાનો ભય રહેલો છે. આના પાછળ પ્રદુષિત પાણીની જુની સમસ્યા હલ કરવામાં આવતી નનથી. હાલમાં પણ નલ સે જલ યોજના અંતર્ગત પાણી પુરવઠા સપ્લાય કરાય છે. ત્યારે નળમાં પંદર મીનીટ સુધી પ્રદુષિત ગંદુ અને ગંધ મારતું પાણી નળમાં આવતું હોય છે. જે પણ ઉચ્ચપદના અધિકારીને ક્રોસ તપાસ કરવી હોય તો કસ્બામાં વેલકમ છે. પરંતુ આ બધુ પાંચ વર્ષથી ચાલતું હોય છે. જનતા ભલે બુમો પાડે પરંતુ જાડી ચામડીના સરકારી બાબુઓનું પેટન પાણી હાલતઃુ નથી. આ સમસ્યા જનતા પાલિકા ઓફિસે હલ કરાવવા માટે જાય છે. પરંતુ ત્યાં કોઈપણ કર્મી કે સી.ઓ.પણ હાજર મળતા નથી. સી.ઓ. તો પંદર દિવસ આંટો ફેરો મારતા હશે તે પાલિકાના કર્મીઓ જણાવે છે. ભારત દેશને આઝાદી મેળવે તેને ૭૫મી વર્ષ ગાંઠ મનાવી રહ્યા હોવા છતાં દે.બારીયા શહેરની આમ જનતાને સ્વચ્છ પાણી મળતું નથી. તેના માટે તંત્રની બેદરકારી સમજવી કે પછી ભ્રષ્ટાચારને આપણા રોજીંદા જીવનનો એક હિસ્સો થઈ ગયો છે. તે આમ જનતાને સમજવો રહ્યો.

# દાહોદ ગોદી રોડ વિસ્તારમાં દિગમ્બર સમાજ દ્વારા મહિલા ક્રિકેટ મેચનું આયોજન કરાયું




દાહોદ,

દાહોદ સહરના ગોદી રોડ વિસ્તારમાં દિગમ્બર સમાજ દ્વારા ખડક મહિલા પ્રિમર લીગ ક્રિકેટ મેચ નો આયોજન ના કરવામાં આવ્યું હતું. શહેરના મહાવીર નગર ના જૈન મંદિર ના મેદાન મા મેચ રમવા મા આવ્યુ હતુ. તે મા કુળ ૬ ટીમ એ ભાગ લીધો હતો. શાંતિનાથ નવયુક મંડળ દ્વારા આ મેચ યોજાવા મા આવ્યું હતું. મેચમાં નાની ઉમર થી લઈને મોટી ઉંમરના લેડીસોએ ભાગ લીધું હતું. આ મેચ ૪ દિવસ સુધી રમવામાં આવી હતી. જેમાં બધા એ ખૂબ આનંદ લીધો અને બધાએ ખૂબ જ ઉલ્લાસ આનંદ સાથે રમ્યા.

ફાઈનલ મેચમાં ૨ ટીમ રમતી હતી. તેમાં મહાવીર ૮ની જીત થતા તેમણે ટ્રોફી મળી.

# લીમખેડાના ચોપાટ પાલ્લી ગામે ફોર વ્હીલ ચાલકે ગાડીમાં અગમ્ય કારણોસર ઝેરી દવા પી આપઘાત કર્યો

દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના ચોપાટપાલ્લી ગામે હેલીપેડ ની બાજુમાં એક ફોરવીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોરવીલર ગાડીમાં જ અગમ્ય કારણોસર જેવી ઝેરી દવા આત્મહત્યા કરી લેતા ચકચારમાંથી જવા પામી છે.

કત તારીખ આઠમી જૂન ના રોજ લીમખેડા તાલુકાના નાનીવાસવાણી ગામે ઉચવા ફળિયામાં રહેતા ૪૫ વર્ષીય રમેશભાઈ બાબુભાઈ પટેલ લીમખેડા તાલુકાના ચોપાટપાલ્લી ગામે આવેલ હેલીપેડ ખાતે પોતાના કબજાની ફોરવીલર ગાડી લઈ આવ્યા હતા ત્યારે કોઈ અગમ્ય કારણોસર રમેશભાઈએ પોતાના કબજાની ગાડીમાં જ દવા ગટગટાવી આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાની જાણ આસપાસના લોકોને થતા લોક ટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા. ત્યારે ઘટનાની જ્યાં સ્થાનિક પોલીસને કરવામાં આવતા પોલીસ કાફલો પણ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહનો કબજો લઈ નજીકના દવાખાને માટે આવ્યા હતા. ત્યારે આ સંબંધે બાબુભાઈ નારસિંગભાઈ પટેલે લીમખેડા પોલીસ મથકે જાણ કરતા પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદના લીમડી નજીક ખેડા બાયપાસ તળાવ પાસે ફોર વ્હીલ ચાલકે બાઈકને અડફેટમાં લેતાં બાઈક ચાલકનું મોત

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ હાઈવે રોડ પર લીમડી નજીક ખેડા બાયપાસ તળાવ પાસે એક ફોરવીલર ગાડીના ચાલકે એક મોટરસાયકલના ચાલકને અડફેટમાં લેતા મોટરસાયકલ ચાલકનું મોત નીપજનો જાણવા મળે છે.ગત તારીખ ૮ જૂન ના રોજ ઝાલોદ તાલુકાના નાની હાંડી ગામે પટેલ ફળિયામાં રહેતા પિયુષભાઈ કાળુભાઈ નીનામા પોતાના કબજાની મોટરસાયકલ લઈ ઝાલોદ હાઈવે રોડ પર લીમડી નજીક ખેડા બાયપાસ તળાવ પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે એક ફોરવીલર ગાડી ના ચાલકે પોતાના કબજાની ફોરવીલર ગાડી પૂર ઝડપે તેમજ ગફલત ભરી રીતે હંકારી લાવી પિયુષભાઈની મોટરસાયકલને જોશભેર ટક્કર મારતા પિયુષભાઈ પિયુષભાઈ મોટરસાયકલ પરથી ફંગોળાઈ જમીન પર ફટકાયા હતા. જેને પગલે તેઓનું મોત નીપજ્યું હતું જ્યારે ફોરવીલર ગાડીનો ચાલક અકસ્માત સર્જી નાસી જતા આ સંબંધે કાજુભાઈ સેનાભાઈ નીનામાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ કરી છે.

# શૈશવ પરીખના એક ગુનામાં રિમાન્ડ પૂર્ણ થયા બાદ ૯ દિવસના રિમાન્ડ મંજૂર

- શૈશવ પરીખના ૧૫ દિવસના માંગતા નવ દિવસના ડિમાન્ડ મંજૂર કર્યા.
- દાહોદ શહેરમાં જમીન પ્રીમિયમ પ્રકરણમાં શૈશવ પરીખના ૧૫ દિવસના રિમાન્ડ પોલીસે માંગ્યા હતા. જેમાં થી દાહોદની કોર્ટ દ્વારા શૈશવ પરીખને દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા.
- આ તમામ પ્રકરણમાં આવનાર દિવસોમાં અનેક મોટા માથાઓ પોલીસ ચોપડે નોંધાવવાની શક્યતાઓ પ્રબળ વ્યક્ત કરવામાં આવી રહી છે.



દાહોદ,

દાહોદ પોલીસે એક અરજીના સંદર્ભે તપાસ કરતા જમીન એનએ કરવાના કૌભાંડનો પર્દાફાશ થયો હતો. જેમાં શૈશવ પરીખની ધરપકડ બાદ આજરોજ દાહોદની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં પોલીસે કુલ ૧૫ દિવસના રિમાન્ડની કરી હતી. જેમાં દાહોદ કોર્ટ દ્વારા શૈશવ પરીખના નવ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા. આધારભૂત સૂત્રો દ્વારા જણાવ્યા અનુસાર દાહોદ જીલ્લા પોલીસ દ્વારા આ પ્રકરણમાં કુલ બે થી ત્રણ ઈસમોની પૂછપરછ પણ હાથ ધોળવામાં આવી રહી છે અને આવનાર દિવસોમાં અન્ય આરોપીઓની પણ સડોણી હોવાનું બહાર આવી શકે તેમ છે. ત્યારે આ પ્રકરણ હાલ દાહોદ શહેર સહી જિલ્લામાં વિશેષ જન માનસમાં અને પ્રકારની ચર્ચાઓએ જોર પકડ્યું છે. સુત્રો અનુસાર જાણવા મળ્યા અનુસાર આ પ્રકરણમાં અનેક માથાઓની પણ સડમણી હોવાનું કહેવાય રહ્યું છે. દાહોદ જિલ્લા પોલીસવાળાની સૂચના અને માર્ગદર્શન હેઠળ મધ્યપ્રદેશ તેમજ રાજસ્થાનમાં અલગ અલગ ટીમોને ખડકી દેવામાં આવી છે અને આ પ્રકરણમાં સામેલ આરોપીઓની ધરપકડના ચક્રોગતિમાન બંધ કરવામાં આવી રહ્યા છે. આવનાર દિવસોમાં આ પ્રકરણમાં અનેક મોટા માથાઓની સળવણી બહાર આવે તેવી શક્યતાઓ પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

# દે.બારીયાના રૂપારેલના ઈસમે સગીરાનું અપહરણ કરી મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચરતા ફરિયાદ

દાહોદ,

દેવગઢ બારીઆ તાલુકાના રૂપારેલ ગામે એક ઈસમ દ્વારા એક ૧૬ વર્ષીય સગીરાનું અપહરણ કરી પોતાના ઘરમાં ગોંધી રાખી સગીરાની મરજી વિરૂદ્ધ અવારનવાર દુષ્કર્મ આચરતા પોલીસમાં ફરિયાદ થયાનું જાણવા મળે છે.

ગત તારીખ ૯મી જુનના રોજ દેવગઢ બારીઆ તાલુકાના નવાવાવ ગામે ડુંગળી ફળિયામાં રહેતો પ્રવીણભાઈ નરવતભાઈ બારીયાએ રાત્રિના ત્રણ વાગ્યાના આસપાસ દેવગઢબારિયા તાલુકામાં રહેતા એક વ્યક્તિને ત્યાં ગયો હતો. અને ઘરમાં સૂઈ રહેલ એક ૧૬ વર્ષીય સગીરા રાત્રિના સમયે કુદરતી હાજર કરવા નીકળી હતી. તે સમયે પ્રવીણભાઈએ ૧૬ વર્ષે સગીર અને પકડી પાડી તેનું મોઢું દબાવી મારી નાખવાની પત્ની તરીકે રાખવા સારૂં ૧૬ વર્ષીય સગીરાને પોતાના ઘરે લઈ ગયો હતો અને જ્યાં સગીર અને ગોંધી રાખી સગીરાની મરજી વિરૂદ્ધ અવારનવાર દુષ્કર્મ આ ચરતા આ સંબંધે સગીરાના પિતા દ્વારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળથી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અમદાવાદના સરસપુરમાં જુગાર રમતા ૨૧ શખ્સો ઝડપાયા

અમદાવાદ,

સરસપુરમાં શારદાબેન હોસ્પિટલની પાછળ અને ચામુડા સ્મશાનગૃહની સામે કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની માહિતી સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી)ના અધિકારીઓને મળી હતી. જેને આધારે પોલીસે અહીં દરોડો પાડીને જુગાર રમતા ૨૧ શખ્સોની ધરપકડ કરી હતી. તેમની પાસેતી પોલીસે રોકડ રકમ અને વાહનો મળીને ૩.૭૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસે જુગાર રમતા મુખ્ય આરોપી જફારખાન અનવરખાન પઠાણ સહિત ૨૧ આરોપીઓને ઝડપી લીધા હતા. પોલીસે તેમની પાસેથી રૂ.૭૨,૫૬૦ રોકડા, ૧૩ મોબાઈલ, પાંચ વાહનો, ગંજીપાના વગેરે મળીને રૂ.૩,૭૦,૨૬૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. તમામ આરોપીઓને વધુ તપાસ માટે શહેરકોટડા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા હતા.

# ’બિહારના રાજકુમાર’ને અહંકાર ન હોય તો ઈન્ડિયા ગઠબંધન ૨૫ બેઠકો જીતી શક્યું હોત

પટણા,

બિહારની પૂર્ણિયા સીટ પરથી લોકસભાની ચૂંટણી લડતા રાજેશ રંજન ઉર્ફે પપ્પુ યાદવે અપક્ષ તરીકે ચૂંટણી લડતા જબરદસ્ત જીત નોંધાવી હતી. તેમણે તેમના નજીકના હરીફ જદયુ ઉમેદવાર સંતોષ કુમારને ૨૩૮૪૭ મતોના માર્જિનથી હરાવ્યા. ચૂંટણીમાં શાનદાર જીત નોંધાવ્યા બાદ નવા ચૂંટાયેલા સાંસદ પપ્પુ યાદવ શનિવારે પટનાથી દિલ્હી જવા રવાના થયા હતા. આ દરમિયાન તેમણે બિહારના પૂર્વ ડેપ્યુટી સીએમ અને આરજેડી નેતા તેજસ્વી યાદવ પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે જો ’બિહારના રાજકુમાર’ને અહંકાર ન હોય તો ઈન્ડિયાગઠબંધન રાજ્યની ૪૦માંથી ૨૫ બેઠકો જીતી શક્યું હોત.

પપ્પુ યાદવે પૂછ્યું કે ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રની જેમ બિહારમાં ચૂંટણી કેમ ન લડાઈ? તેમણે કહ્યું, ’અખિલેશ યાદવ, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી યુપીમાં સતત સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા. રાહુલ તેમની યાત્રામાં જ્યાં પણ ગયા છે ત્યાં ચૂંટણી પરિણામો જુઓ. રાહુલે મીસા ભારતી માટે વોટ પણ માંગ્યા હતા અને તમે ત્યાં પરિણામ જોઈ શકો છો. મહાગઠબંધનની હાર પર સવાલો ઉઠાવ્યા. તમને જણાવી દઈએ કે પાટલીપુત્રમાં રાહુલ ગાંધીએ ૨૭ મેના રોજ આરજેડી ઉમેદવાર મીસા ભારતીના પક્ષમાં ચૂંટણી રેલી કરી હતી.

પપ્પુ યાદવે વધુમાં કહ્યું કે, હવે કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર નહીં પરંતુ એનડીએની સરકાર હશે. તેમણે કહ્યું, ’આ સરકાર નીતિશ કુમાર અને ચિરાગ પાસવાનની દયા પર ચાલશે. તમે ચરણ પાદુકા પણ કરી છે, તેથી સૌથી પહેલા હું કહેવા માંગુ છું કે દેશમાં ૬૯ ટકા અનામત લાગુ થવી જોઈએ. બીજું, જાતિ ગણતરી લાગુ કરો અને ત્રીજું, બિહારને વિશેષ દરજ્જો અને બિહાર માટે વિશેષ પેકેજ મેળવો. આ સિવાય બિહારના વિકાસ પર ભાર મુકો અને અહીંથી સ્થળાંતર કેવી રીતે અટકાવી શકાય તેના પર કામ કરો.

# દામોદર કુંડની દુર્દશા જોઈને દ્રવી ઉઠ્યો ગુજરાતના જાણીતા કથાકારનો આત્મા

જૂનાગઢ,

જૂનાગઢમાં યોજાયેલ શ્રીમદ ભાગવત કથામાં વક્તાએ ભાજપ પર શાબ્દિક પ્રહારો કર્યા હતા. જોશીપુરામાં યોજાયેલ ભાગવત કથાના છેલ્લા દિવસે મનોજ શાસ્ત્રીએ વ્યાસપીઠ પરથી દામોદર કુંડની દુર્દશા મુદ્દે આકરા શાબ્દિક પ્રહારો કર્યા હતા. તેમણે વ્યાસપીઠ પ રથી વ્યથા ઠાલવી હતી.

ભાગવત કથામાં કથાકાર મનોજ શાસ્ત્રીએ કહ્યું હતું કે, સમગ્ર દેશમાં ભાજપનું શાસન છતાં દામોદર કુંડનો વિકાસ નથી થયો. ભગવાન શ્રીકૃષ્ણ ૫૨ વખત જુનાગઢ દામોદર કુંડ આવ્યા હતા. ભાજપના સાંસદ, ધારાસભ્ય, ભાજપની મનપામાં બોડી છતાં કેમ ન થયો દામોદર કુંડનો વિકાસ? તળાવના બ્યૂટીફિકેશન કરવા કરતાં તંત્ર કરે દામોદર કુંડનો ઉદ્ધાર. નરસિંહ મહેતાના કારણે ભગવાન જ્યારે આવતા ત્યારે તે દામોકુંડમાં આવતા તે દામોકુંડની હાલત આજે કેવી છે તે ઉપરથી આ શાસ્ત્રીજી બોલ્યા હતા. આ સાથે જ દામોદર કુંડના વિકાસ માટે આવતા પૈસા સગેવગે થયાના મનોજ શાસ્ત્રીએ આક્ષેપ કર્યા હતા. જુનાગઢ મનપા તંત્રને ભગવાન સદબુદ્ધિ આપે તેવી પ્રાર્થના કરી હતી.

દામોદર કુંડ અને દામોદરજી મંદિરનું જેટલું પૌરાણિક મહત્વ છે તેટલું જ આધ્યાત્મિક મહત્વ પણ છે. ભાવિકો અહીં દર્શન કરી ધન્યતા અનુભવે છે અને ભગવાન રાધાદામોદરજી રેવતીબલદેવજી સૌના મનોરથ પૂર્ણ કરે છે. પવિત્ર દામોદર કુંડમાં સ્નાન કરવાનું પણ મહત્વ છે, જે રીતે ગંગા અને યમુના સ્નાનનુ મહત્વ છે તે જ રીતે દામોદરકુંડમાં સ્નાન કરવાથી પાપ મુક્ત થઈ લોકો પુણ્યની પ્રાપ્તિ કરે છે. ભક્ત કવિ નરસિંહ મહેતા પણ દરરોજ દામોદર કુંડમાં સ્નાન કરવા આવતાં અને અહીં ભજનો ગાતાં, ગીરી તળેટીને કુંડ દામોદર ત્યાં મહેતાજી ન્હાવા જાય... જેવા પદો આપણે સાંભળતા આવ્યા છે તે જ આ પવિત્ર દામોદર કુંડ અને દામોદરજી મંદિર જૂનાગઢની પૌરાણિક ધરોહર છે. અહીં ભગવાન રાધા દામોદરજી સાથે રેવતી બલદેવજી પણ બિરાજે છે અને ભારતના પ્રાચિનતમ તિર્થો પૈકીનું એક તિર્થસ્થાન છે. હાલનું શ્રીરાધા દામોદરજી મંદિર ભગવાન શ્રીકૃષ્ણના વંશજ રાજા વજનાભે બંધાવ્યું હતું અને ત્યારબાદ સ્કંદગુપ્ત દ્વારા તેનો જીર્ણોધ્ધાર કરવામાં આવ્યો હતો.

# પશ્ચિમ ઘાટમાં ભારે વરસાદની આગાહી, ઉત્તર ભારતમાં લૂનો સામનો કરવો પડશે

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી પાંચ દિવસમાં મહારાષ્ટ્ર, દરિયાકાંઠા અને ઉત્તર કર્ણાટકમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે, જ્યારે ૧૦ જૂનથી ઉત્તર પશ્ચિમ ભારતમાં ફરીથી ગરમીના કારણે ભારે ગરમીનો સામનો કરવો પડશે.

આગામી પાંચ દિવસમાં પૂર્વ અને પૂર્વ-મધ્ય ભારતના ભાગો, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં ગરમીની સ્થિતિ યથાવત રહી શકે છે. ચોમાસું શનિવારે મધ્ય અરબી સમુદ્ર, દક્ષિણ મહારાષ્ટ્ર, તેલંગાણાના કેટલાક વધુ ભાગો અને દક્ષિણ છત્તીસગઢના ભાગો, દક્ષિણ ઓડિશા અને દરિયાકાંઠાના આંધ્ર પ્રદેશમાં આગળ વધ્યું છે.

માહિતી મુજબ, આગામી બે-ત્રણ દિવસમાં મધ્ય અરબી સમુદ્રના બાકીના ભાગો, મુંબઈ અને તેલંગાણા સહિત મહારાષ્ટ્રના કેટલાક વધુ ભાગોમાં ચોમાસું આગળ વધવા માટે સ્થિતિ અનુકૂળ છે. કોંકણ અને ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા, કર્ણાટક, કેરળ અને લક્ષદ્વીપમાં ગાજવીજ, વીજળીના ચમકારા અને તેજ પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે, જ્યારે આગામી સમયમાં કોસ્ટલ આંધ્રપ્રદેશ, રાયલસીમા, તેલંગાણા, તમિલનાડુ અને પુડુચેરીમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. પાંચ દિવસ મધ્યમ વરસાદની શક્યતા છે.

આગામી સાત દિવસમાં અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને ઉપ-હિમાલયના બંગાળ અને સિક્કિમમાં વાવાઝોડા, વીજળી અને તેજ પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. ૧૦-૧૨ જૂન સુધી સબ-હિમાલયન બંગાળ અને સિક્કિમમાં અલગ-અલગ સ્થળોએ ભારે વરસાદની શક્યતા છે.હવામાન વિભાગે કેરળના પાંચ જિલ્લાઓ — પથાનમથિટ્ટા, કોઝિકોડ, વાયનાડ, કન્નુર અને કાસરગોડ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. રાજ્યના આઠ જિલ્લાઓ માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે, જેમાં તિરુવનંતપુરમ, કોલ્લમ, અલાપ્પુઝા, કોટ્ટાયમ, ઈડુક્કી, એર્નાકુલમ, થ્રિસુર અને મલપ્પુરમનો સમાવેશ થાય છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.245

# શહેરાના ધામણોદ ગામે પીવાના પાણીની સમસ્યાથી મહિલાઓમાં રોષ

શહેરા,

શહેરા તાલુકામાં સૌથી વધુ વસ્તી ધરાવતું ધામણોદ ગામમાં પીવાના પાણીની સમસ્યા હોવાથી મહિલાઓનો આક્રોશ સંબંધિત તંત્ર સામે જોવા મળી રહ્યો હતો. ગામના ચોપડા ફળિયા, ચોરા ફળિયા સહિતની અન્ય વિસ્તારની મહિલાઓ હેડ પંપના સહારે પાણી ભરી રહ્યા છે.

શહેરા તાલુકાના ધામણોદ ગામ ની વસ્તી ૧૨૦૦૦ કરતા વધુ હોવા સાથે આ ગામમાં ચોપડા ફળીયુ, ચોરા ફળિયું સહિત અન્ય વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા હોવાથી ગ્રામજનો અને પશુપાલકો ને ભારે હાલાકી વેઠવી પડી રહી છે. ગામમાં પાણી પુરવઠાની યોજનાઓ હોવા છતાં પીવાના પાણીની સમસ્યાને લઈને મહિલાઓને હેડ પંપ ખાતે ઘરનું બધું કામકાજ છોડીને પાણી ભરવા જવું પડતું હોવા સાથે અમુક હેડ પંપ માં થોડીવાર પાણી આવીને બંધ થઈ જતા મહિલાઓને ના છૂટકે બીજા અન્ય હેન્ડ પંપ ખાતે પાણી ભરવા જતા હોય છે. ગ્રામજનો ને પાણી સમસ્યામાંથી છુટકારો મળે એ માટે રાજ્ય સરકારની નલસે જલ યોજના હેઠળ ઘરે-ઘરે ચકલીઓ તો મૂકવામાં આવી પણ એમાં પણ પાણી નહીં આવતા અહીંના ગ્રામજનોનો આક્રોશ સંબંધિત તંત્ર સામે જોવા મળી રહ્યો હતો. આ ગામમાં માથાના દુખાવા સમાન પીવાના પાણીની સમસ્યાથી ગામની મહિલાઓ, પશુપાલકો અને ખેડૂતો પણ હેરાન પરેશાન જોવા મળતા હોય ત્યારે સરકારની અનેક યોજનાઓ પાણીને લગતી કેટલી સાર્થક હશે તે અહીંની પરિસ્થિતિને જોતા ખબર પડી જતી હોય એમ કહીએ તો નવાઈ નહી.



ધામણોદ ગામમાં પીવાના પાણીની સમસ્યાથી ખાસ કરીને મહિલાઓ હેરાન પરેશાન હોવાથી ગ્રામ પંચાયત કચેરી પાસે આવેલા હેંડ પંપ ખાતે ચોરા ફળિયા સહિત અન્ય વિસ્તારની મહિલાઓ પાણી ભરતા નજરે પડી રહ્યા હતા.

# શહેરા તાલુકાના ગામોમાં ધારાસભ્યના માર્ગદર્શનમાં ખાસ ગ્રામસભાનું આયોજન

શહેરા,

શહેરા તાલુકાના ગામોમાં ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડના માર્ગદર્શન હેઠળ ખાસ ગ્રામસભા નું આયોજન કરવામાં આવી રહયુ છે. તાલુકાના ધામણોદ અને વાઘજીપુર ગામની ગ્રામ પંચાયત કચેરી ખાતે તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલિયા અને ભાજપ અગ્રણી હાજાભાઈ ચારણ તેમજ ભાજપ યુવા મોરચા મહામંત્રી ધર્મેન્દ્રસિંહ પટેલની ઉપસ્થિતિમાં ગ્રામજનોએ પાણી, રસ્તા, તેમજ અન્ય પ્રશ્નો રજૂ કર્યા હતા.

શહેરાના ધારાસભ્ય અને વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ દ્વારા તાલુકાના ગ્રામીણ વિસ્તારના પ્રશ્નો અને સમસ્યા હલ થાય એ માટે ખાસ ગ્રામસભા નું આયોજન કરવામા આવ્યુ છે. જયારે તાલુકાના ધામણોદ અને વાઘજીપુર ગામની ગ્રામ પંચાયત ખાતે તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલિયા, ભાજપ અગ્રણી હાજાભાઈ ચારણ તેમજ ભાજપ યુવા મોરચાના મહામંત્રી ધર્મેન્દ્રસિંહ પટેલનું ગામના અગ્રણીઓ દ્વારા ફૂલોનું બુકે આપીને સ્વાગત કરીને ખાસ ગ્રામસભાની શરૂઆત કરાઈ હતી. ગ્રામસભામાં તાલુકા ભાજપ પ્રમુખ અને ભાજપ અગ્રણીઓ તેમજ તાલુકા મથક ખાતે આવેલી મામલતદાર, તાલુકા પંચાયત, પાણી પુરવઠા સહિતની મહત્વની વિવિધ કચેરીના કર્મચારીઓ સમક્ષ ઉપસ્થિત ગ્રામજનોએ પ્રધાનમંત્રી આવાસ, પાણી, રસ્તા તેમજ વિવિધ સમસ્યાઓ ના લગતા પ્રશ્નો રજૂ કર્યા હતા. જોકે, આ ગ્રામ સભામાં જાગૃત ગ્રામજનો સહેજ પણ ડર વગર પોતાના પ્રશ્નો રજૂ કરતા જોવા મળવા સાથે તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલિયા અને હાજાભાઈ ચારણ ગ્રામજનો ની રજૂઆત સાંભળતાની સાથે જે તે કચેરીના કર્મચારીઓને રજૂ થયેલા પ્રશ્નો વહેલી તકે હલ કરવા માટે જણાવી રહયા હતા.આ ગ્રામસભામાં તાલુકા મથક ખાતે આવેલી વિવિધ સરકારી કચેરીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હોય ત્યારે તેઓ દ્વારા ગામની મુલાકાત લેવામાં આવે જેથી પાણી, રસ્તાને લગતા રજૂ થયેલા પ્રશ્નોને જોતા અત્યંત જરૂરી લાગી રહયું છે. જોકે, તાલુકામાં પ્રથમ વખત ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડના માર્ગદર્શન હેઠળ તાલુકા ભાજપ દ્વારા એક અનોખી પહેલ સાથે ગ્રામજનોની સમસ્યા હલ થાય એ માટે ખાસ ગ્રામસભા રાખવામાં આવી રહી હોવાથી અનેક ગામોના પ્રશ્નો અને સમસ્યાનો અંત આવી શકે તો નવાઈ નહી.

### ધામણોદ ગ્રામ પંચાયતના મહિલા તલાટીએ પોતાનું દુઃખ વ્યકત કર્યું.

ધામણોદ ગામની ગ્રામ પંચાયત ખાતે ગ્રામસભા પૂર્ણ થયા બાદ ગ્રામ પંચાયતના તલાટી સંગીતાબેન એ જીલ્લા પંચાયત સદસ્ય અને તાલુકા પંચાયત સદસ્યની ઉપસ્થિતિમાં તેમને દુઃખ વ્યક્ત કરીને રજૂઆત કરી હતી કે, ગ્રામ પંચાયત કચેરી ખાતે આવતા અમુક અરજદારો દ્વારા અમારી સાથે અસભ્ય વર્તન કરવામાં આવી રહયુ છે. અને અમુક કામ નિયમ મુજબ ન થતું હોવાથી અમે નથી કરતા તો અમારો મોબાઈલથી વિડીયો ઉતારતા હોઈ છે. આવું ગ્રામ પંચાયત કચેરી ખાતે હવેથી ન બને તે માટે તેઓ વિનંતી કરતા નજરે પડી રહ્યા હતા.

# ઈન્ડિયન આર્મીની ૬ માસની ટ્રેનિંગ પુરી કરીને પોતાના માદરે વતન આવતા ઘોડા ગામના આર્મીનું વેજલપુર ખાતે ભવ્ય સ્વાગત



કાલોલ,

કાલોલ તાલુકાના ઘોડા (ભાદરોલી ખુર્દ) ગામનો એક નવ યુવાન ચૌહાણ દેવેન્દ્રસિંહ વિજય સિંહ જેઓ ભારતીય સેનાની ૬ માસની સખત ટ્રેનિંગ પુરી કરીને પોતાના માદરે વતન આવ્યા હતા. ત્યારે તેઓનું વેજલપુર ખાતે પરિવાર સહિત મોટી સંખ્યામાં ગામજનો અને મિત્રો સહિત તેમજ વેજલપુર ગામના લોકો એ આવકાર્યા હતા. ત્યારે બાદ તેઓનું ફૂલોના હાર પેહરાવીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ વેજલપુર થી ઘોડા (ભાદરોલી ખુર્દ) ડીજેમાં દેશ ભક્તિ સંગીતના ગીતો સાથે શોભા યાત્રા નીકળી હતી. ત્યારે આ શોભા યાત્રામાં ઘોડા ગામના ખુબજ મોટી સંખ્યામાં ગામજનો ઉપસ્થિત રહી વેજલપુર થી ઘોડા (ભાદરોલી ખુર્દ) ગામે જવા માટે મોટી સંખ્યામાં શોભા યાત્રા નીકળી હતી.

# રાષ્ટ્રીય સેવિકા સમિતિ પંચમહાલ દ્વારા એક દિવસીય પ્રશિક્ષણ શિબિર યોજાઈ





ગોધરા,

ગોધરાની કલરવ સ્કૂલ ખાતે યોજાઈ રાષ્ટ્રીય સેવિકા સમિતિની પ્રશિક્ષણ શિબિર પ્રશિક્ષણ શિબિરમાં પંચમહાલ જીલ્લાના તમામ તાલુકાઓમાંથી યુવતીઓ અને મહિલાઓ રહ્યા ઉપસ્થિત એક દિવસીય પ્રશિક્ષણ શિબિરમાં મહિલાઓ ને સ્વરક્ષણ તેમજ રાષ્ટ્રીય સેવિકા સમિતિ ની કાર્યપ્રણાલીથી કરાયા અવગત રાષ્ટ્ર સેવિકા સમિતિ ના નડિયાદ વિભાગના કાર્યવાહીકા દ્વારા ઉપસ્થિત યુવતીઓ તેમજ મહિલાઓને માર્ગદર્શન અપાયું.

# અજાણી બહેનને આશ્રય અપાવતી ૧૮૧ હાલોલ અભયમની ટીમ

કાલોલ,

કાલોલ તાલુકા માંથી એક જાગૃત નાગરિકે ૧૮૧ મહિલા હેલ્પ લાઇન પર ફોન કરી જણાવેલ કે, એક બહેન મળી આવેલ છે. તેથી ૧૮૧ રેસ્ક્યું ઘટના સ્થળે પહોચી. બહેન સાથે વાતચીત કરતા બહેન યુપી થી મુંબઈ રેલ્વે ટ્રેનમાં બેસી આવી. ડેરોલ રેલ્વે સ્ટેશન ઉતરી ગઈ હતી. બહેન ત્યાંથી ચાલતા સમાં કેનાલ પાસે પહોંચી જતા એક જાગૃતિ વ્યક્તિ એ ફોન કરી ૧૮૧ની મદદ લીધી.૧૮૧ ટીમ દ્વારા બહેન સાથે વાતચીત કરી. બહેનનું અસરકારક કાઉન્સેલિંગ કરી બહેનને આશ્વાસન આપી બહેન પાસે સમગ્ર માહિતી મેળવી. બહેન મૂળ યુપીના મુજફર નગરના રહેવાસી હોય. બહેન ઘરેથી કીધા વગર નીકળી આવેલ. બહેનનાં ફેમિલીનો કોન્ટેક્ટ નંબર મેળવી તેમના ફેમિલીને ફોન કરી પૂરૂં સરનામું મેળવી બહેનને લેવા આવવા નીકળી ગયા હોય. તેથી હાલ બહેનને આશ્રયની જરૂર હોવાથી સખી વન સ્ટોપ સેન્ટર ગોધરા ખાતે આશ્રય અપાવેલ.

# પાવાગઢ એસ.ટી.બસ સ્ટેશનમાં એસ.ટી.બસની અડફેટમાં મહિલાનું મોત

પાવાગઢ,

પાવાગઢ એસ.ટી.બસ સ્ટેશનમાં એસ.ટી.બસથી અડફેટમાં આવેલ યાત્રાળું મહિલાનું મોત નિપજાવા પામ્યું. મહિલા પરિવાર સાથે મહેસાણા થી માતાજીના દર્શન માટે આવ્યા હતા. આ બાબતે પાવાગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ પાવાગઢ યાત્રાધામ ખાતે મહેસાણાના ખેરવા ગામનો રાવળ પરિવાર દર્શન માટે ખાનગી લકઝરી બસમાં પાવાગઢ આવ્યો હતો. લકઝરી બસ પાર્કિંગમાં મુકીને યાત્રાળુઓ બસ સ્ટેશનમાં એસ.ટી.બસથી માંચી સુધી જવા માટે પાવાગઢ તેમની પત્ની રમીલાબેન, ૧૨ વર્ષીય પુત્ર અને ૧૦ વર્ષીય પુત્રી અને ૫ વર્ષીય પુત્રી તેમજ ગામના અન્ય લોકો તેમજ સાઢુના પરિવાર સાથે ઉભા હતા. ત્યારે એસ.ટી.ડેપોમાં બસ ચાલકે વળાંક લઈને બસને પાર્ક કરવા જતાં રાવળ પરિવારના સભ્યો પૈકી રમીલાબેનને એસ.ટી.બસના પાછળના ભાગેથી ટક્કર વાગતાં નીચે પડી જતાં ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તને ૧૦૮ મારફતે સારવાર માટે હાલોલ રેફરલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જયાં હાજર તબીબ દ્વારા મહિલાને મૃત જાહેર કર્યા હતા. મહેસાણા થી પાવાગઢ ખાતે મહાકાળી માતાના દર્શન માટે આવેલ પરિવાર દર્શન પહેલા અકસ્માતમાં મહિલાનું મોત થઈ જતાં તમામ યાત્રાળુંઓ પાવાગઢ યાત્રા પડતી મુકીને હોસ્પિટલમાં પહોંચ્યા હતા. અકસ્માતની ઘટનામાં મૃતક મહિલાના પતિ દ્વારા પાવાગઢ પોલીસ મથકે એસ.ટી. બસ ચાલક વિરૂદ્ધ ગુનો નોંધાવામાં આવ્યો છે.

# અમદાવાદ થી ઈન્દોર જતી એસ.ટી.બસમાં મુસાફરનું હાર્ટ એટેકથી મોત થતાં ગોધરા બસ સ્ટેશન માંથી મૃતદેહ સિવિલમાં ખસેડાયો



ગોધરા,

અમદાવાદ થી ઈન્દોર જઈ રહેલ એસ.ટી.બસમાં સવાર મુસાફરનું હાર્ટ એટેકથી મોત થતાં ગોધરા એસ.ટી.બસ સ્ટેશનમાં બસ માંથી મૃતક મુસાફરના મૃતદેહને ગોધરા સિવિલમાં ખસેડવામાં આવ્યો.પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા એસ.ટી.બસ સ્ટેશનમાં અમદાવાદ થી ઈન્દોર તરફ જતી એસ.ટી.બસમાં સવાર મુસાફરનું હાર્ટ એટેકથી મોત નિપજાવા પામ્યું હતું. બસમાં હાર્ટ એટેકથી મોત થયેલ મૃતકના મૃતદેહ અંગેની પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસ દોડી આવી હતી. મૃતદેહને ગોધરા સિવિલમાં પી.એમ. અર્થે ખસેડવામાં આવ્યો. એસ.ટી.બસના કંડકટરએ જણાવ્યું કે, અમદાવાદથી કેટલાક ઈસમોએ મૃતદેહને બળજબરીથી બસમાં બેસાડયો હતો.

# જાંબુઘોડા ખાખરીયા પાસે પુલની રેલિંગ તુટી જતાં અકસ્માતનો ભય

જાંબુઘોડા,

જાંબુઘોડા-બોડેલી હાઈવે ઉપર આવેલ ખાખરીયા ગામ પાસે ગયા વર્ષે નવીન પુલ બનાવવામાં આવ્યો હતો. આ પુલ અગાઉના પુલ કરતા સાંકડો બનતા બે વાહનોને પસાર થવુ મુશ્કેલ બન્યુ છે. બીજુ આ પુલના બંને છેડા ઉપર ટર્નિંગ હોવાથી અકસ્માતો બનતા રહે છે. થોડા દિવસ પહેલા ટ્રક તથા બસ વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં બસના મુસાફરોનો અદ્ભુત બચાવ થયો હતો. તથા મહિના અગાઉ બોડેલી તરફ કેળા ભરવા જતી ટ્રક પલ્ટી ખાઈ જવા પામી હતી. આવા કેટલાય નાના-મોટા અકસ્માતો બનતા રહે છે. તો માર્ગ મકાન વિભાગ આ પુલની સાઈડ ઉપરની એંગલો બે મહિના અગાઉ એંગલો બેસાડી હતી. જે તુટી જવા પામી છે. તો આ વિસ્તારના રહિશો જણાવી રહ્યા છે કે,આ એંગલો સાવ હલકી કક્ષાની બેસાડી હતી જે થોડા દિવસમાં વળીને તુટી જવા પામી છે. જો એંગલો મજબુત અને વ્યવસ્થિત બેસાડવામાં નહિ આવે તો કોઈ વાહનચાલક ૨૦ થી ૨૫ ફુટ ઉંડા ખાડામાં જવાનો સંભવ છે. તો તંત્ર વહેલી તકે આ એંગલોની મરામત કરાવે તેવુ આ વિસ્તારમાં ચર્ચાઈ રહ્યુ છે. તેમજ બંને સાઈડ ઉપર ટર્નિંગ હોવાથી નાનો બમ્પ બનાવે અને રેડીયમ પટ્ટા મારવામાં આવે તેવુ આ વિસ્તારના રહિશો જણાવી રહ્યા છે.

# વેજલપુર ચાંદાની વાડી ખાતે આરોપીના ઘરેથી ૩૫ કિલો ગૌમાંસ સાથે આરોપીને ઝડપ્યો



કાલોલ,

કાલોલ તાલુકાના વેજલપુર ગામે વૈજનાથ મહાદેવ મંદિર પાછળ ચાંદાની વાડી ખાતે આરોપીના ઘરે ગૌમાંસ વેચાણ માટે રાખેલ છે તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ૩૫ કિલો ગૌમાંસ કિ.રૂ.૧૦,૫૦૦/-અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.૧,૩૫,૬૭૦/-ના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર કાલોલ તાલુકાના વેજલપુર ગામે વૈજનાથ મહાદેવ મંદિર પાછળ ચાંદાની મુવાડી ખાતે આરોપી મોહંમદ હનીફ ઈસ્હાક પોસ્તી એ ગેરકાયદેસર ગૌવંશનુ કત્લ કરી ગૌમાંસની હેરાફેરી કરી ૩૫ કિલો ગૌમાસનો જથ્થો રાબિયા બસરીબીબી શોકત અબ્દુલ રહીમ પાડવા અને શોકત ઉર્ફે ગોગો અબ્દુલ રહીમ પાડવાના ઘરે છુટક વેચાણ માટે આપેલ છે તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ૩૫ કિલો ગૌમાંસ કિ.રૂ.૧૦,૫૦૦/-તથા અન્ય મુદ્દામાલ કિ.રૂ.૧,૩૫,૬૭૦/-સાથે શોકત ઉર્ફે ગોગો અબ્દુલ રહીમ પાડવાને ઝડપી પાડવામાં આવ્યો હતો. જયારે અન્ય બે આરોપી નાસી જઈ ગુનો કર્યાની ફરિયાદ વેજલપુર પોલીસ મથકે નોંધાવવા પામી છે.

# ગોધરાના કેવડીયા ગામે ખેતરના શેડમાંથી બાળકનો સુકાઈ ગયેલો મૃતદેહ મળ્યો

ગોધરા,


ગોધરા તાલુકાના કેવડીયા ગામે ખેતરમાં પતરાના શેડમાંથી અજાણ્યા બાળકનો સુકાઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસ દ્વારા મૃતદેહનો કબ્જો મેળવીને બાળકની ઓળખ છતી કરવા પ્રયત્નો હાથ ધર્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા તાલુકાના કેવડીયા ગામે આવેલા શિકારી ફળિયામાં રહેતા ધર્મેન્દ્ર ભારતભાઈ શિકારીએ ગોધરા તાલુકા પોલીસ મથકે અકસ્માત મોત અન્વયે ફરિયાદ આપી હતી અને જણાવ્યુ હતુ કે,ગોધરા તાલુકાના કેવડીયા ગામ નજીક ફાટક પાસે તેઓનુ ખેતર આવેલુ છે. જે ખેતર તેઓએ પતરાના શેડ ઉભા કરીને ચોમાસામા ગાડી મુકવાનુ બનાવ્યુ છે. જે શેડમાં તેઓ ગયા હતા તે વેળાએ તેઓની નજર છાપરામાં એક શંકાસ્પદ પદાર્થ પર પડી હતી. જે જોતા અંદાજે ૩ થી ૪ વર્ષની વયના બાળકનો સુકાઈ ગયેલ હાલતમાં સડી ગયેલો મૃતદેહ મળી આવ્યો હતો. જેને પગલે ધર્મેન્દ્ર શિકારી ડરી ગયા હતા. જે બાદ તેઓએ ગામના અન્ય વ્યકિતઓને જાણ કરતા પોલીસને જાણ કરવામાં આવી હતી.

# ગોધરા- એસઆરપી મેદાન ખાતે સદ્ભાવના કોમીએકતા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ: આઈ.જી. આર.વી.અસારી ઉપસ્થિત રહ્યા

ગોધરા,

ગોધરા શહેરના લુણાવાડા હાઈવે માર્ગ પાસે આવેલ એસઆરપી ગ્રાઉન્ડ ખાતે સદભાવના કોમી એકતા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના વિવિધ જીલ્લાઓમાંથી ૧૮ જેટલી ટીમો ભાગ લીધો હતો.ગઈકાલે રાત્રે ગોધરા રેન્જ આઇ.જી અને કલાસીસ ઈલેવન વચ્ચે ફાઈનલ મેચ રમાડવામાં આવી હતી મોટી સંખ્યામાં ગોધરાના નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

પંચમહાલ જીલ્લાના ગોધરા શહેર ખાતે સદભાવના કોમી એકતા ક્રિકેટ ટુર્નામેન્ટનુ આયોજન





કરવામા આવ્યુ હતુ ,જેમા રેન્જ આઈજી આરવી અસારી ફીરદોસ કોઠી નગરપાલિકા પ્રમુખ જયેશ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. જયારે રેન્જ આઈજી એ જણાવ્યું હતું કે, રમતગમતથી નેશન ફસ્ટની ભાવના વિકસે છે.સાથે એકબીજાના પરિચયમા આવાથી મળી શકાય છે. ફાઈનલ મેચ નિહાળવા મોટી સંખ્યામા ગોધરાની જનતા ઉપસ્થિત રહી હતી.

ગોધરા ખાતે આવેલા એસઆરપી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ખાતે સદભાવના કોમી એકતા ક્રિકેટ ટુર્નામેન્ટનુ આયોજન કરવામા આવ્યું હતું. જેમા ગોધરા રેન્જ આઈજી અને કલાસીસ ઈલેવન વચ્ચે ફાઈનલ મેચ રમાઈ હતી. જેમા ગોધરા રેન્જ આઈજીની ટીમ દ્વારા ૨૦૯ રન કરવામાં આવ્યા હતા. જયારે ૧૫૦ રન કલાસીસ ઈલેવન દ્વારા કરવામાં આવ્યા હતા. વિજેતા ટીમને ૩૬૦૦૦નુ ઈનામ આપવામાં આવ્યું હતું અને ૧૬૦૦૦ પરાજીત પામેલી ટીમને ઈનામ આપવામાં આવ્યું હતું.

આર.વી.અસારી રેંજ આઈજીએ જણાવ્યું હતું કે, આયોજકો દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું. તેમનો આભાર માનું છું. આવા આયોજનોથી નેશન ફસ્ટની ભાવના વિકસે છે. બધા એકબીજાને મળી શકીએ છે. મેચ નિહાળવા મોટી સંખ્યામા લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરાના વાઘજીપુર ચોકડી પાસે ટ્રક અને કાર વચ્ચે અકસ્માતમાં ટ્રાફિક જામના દ્રશ્યો

શહેરા,

શહેરા વાઘજીપુર ચોકડી પાસે પસાર થતા હાઈવે ઉપર કાર અને લેલન ગાડી વચ્ચે અકસ્માત થયો હતો. અકસ્માતના પગલે થોડીવાર માટે ગોધરા તરફનો હાઈવે ઉપર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. જોકે, પોલીસ સ્થળ પર આવીને ટ્રાફિકજામ ખુલ્લો કરતા એક તરફનો વાહન વ્યવહાર શરૂ કરાયો હતો.



શહેરા ના વાઘજીપુર ચોકડી પાસે પસાર થતા દિલ્હી બોમ્બે હાઈવે ઉપર કાર અને લેલન ગાડી વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ગોધરા થી લુણાવાડા તરફ જઈ રહેલી કારના ચાલકે બમ્પ આવતા અચાનક બ્રેક મારી દેતા પાછળથી આવતી લેલન ગાડી કારના પાછળના ભાગે અથડાઈને ડિવાઈડર કૂદીને સામેના રોડ ઉપર પલટી ખાઈ ગઈ હતી. બનેલા બનાવને લઈને ત્યાંથી પસાર થતાં રાહદારીઓ અને વાહનચાલકો મદદથી દોડી આવીને લેલન ગાડીના ચાલક અને કલીનરને ગાડીના કાચ તોડીને બહાર કાઢયા હતા. અકસ્માતની જાણ પોલીસને થતા પોલીસ સબ ઈન્સ્પેકટર શૈલેષ ડામોર સહિતનો સ્ટાફ સ્થળ ઉપર દોડી આવીને શહેરા થી ગોધરા તરફ જવાના હાઈવે માર્ગ જે ટ્રાફિકજામ થઈ ગયો હતો. તેને ખુલ્લો કરીને એક તરફ નો હાઈવે માર્ગ શરૂ કરી દેવામાં આવ્યો હતો. જયારે ગોધરા તરફ જવાના હાઈવે ઉપર લેલન ગાડી પલટી ખાઈ ગઈ ત્યારે કોઈ વાહન પસાર થતું ન હોવાથી અહીં મોટી ઘટના બનતી અટકવા સાથે ડ્રાઈવર અને કલીનરને સામાન્ય ઈજા શરીરે પહોંચી હતી. આ બનેલા અકસ્માતમાં કોઈ જાનહાની ન થવા સાથે શહેરા થી ગોધરા તરફનો હાઈવે માર્ગ ઝોઝ ચોકડી સુધી પાંચ કલાક કરતા વધુ સમય સુધી બંધ રહ્યો હતો.